## સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રીની કચેરી
## પ્રાદેશિક કપાસ સંશોધન કેન્દ્ર
## નવસારી કૃષિ યુનિવર્સિટી
મકતમપુર, ભરૂચ – ૩૯૨ ૦૧૨

NAVSARI AGRICULTURAL UNIVERSITY

# સ્વંયભૂ જાહેર કરાયેલી માહિતી
# (પ્રો–એકટીવ ડીસ્કલોઝર )
# પરિચય ગ્રંથ

માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫
પ્રકરણ–૨, કલમ –૪(૧)(ખ)

## તા.૦૧.૦૫.૨૦૧૮ ની સ્થિતિ....

# પ્રાદેશિક કપાસ સંશોધન કેન્દ્ર
# નવસારી કૃષિ યુનિવર્સિટી
# મકતમપુર, ભરૂચ

## માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ના કાયદાની કલમ–૪ (૧)(ખ)ની જોગવાઈ મુજબ જાહેર માહિતી અધિકારીશ્રીઓએ સ્વયંજાહેર કરવાની બાબતો પ્રોએકટિવ ડિસ્લોઝર(PAD)-૨૦૧૮ ની માહિતી

**૧. પોતાની સંસ્થા , કામગીરીઓ અને ફરજોની વિગતો.**

પ્રાદેશિક કપાસ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી ના તાબા હેઠળ આવેલ છે.જેનો મુખ્ય હેતુ મધ્ય ગુજરાતનાં બિન પિયત કપાસ પાકમાં સંશોધન અને તેની ટેકનીક વિકસાવી, ખેડુતોનાં પ્રશ્નો અને જરૂરિયાતને લગતું સંશોધન કરવાનું છે. બદલાતી પરિસ્થિતમાં વહેલી પાકતી જાતો સાથે કપાસ ને લગતી ક્ષેત્રીય ભલામણો અને રોગ–જીવાત નું પૂર્વાનુમાન તેમજ જાતોની ચકાસણી કરી અલગ તારવણી કરવાનું છે. સાથે સાથે હવામાન આધારીત ખેત બુલેટીન તૈયાર કરી ખેડુતોને ખેતપયોગી જરૂરી માહિતી આપવી,નિર્દેશનો ગોઠવવા, પ્રસારણ તથા કપાસ, તુવેર બીજ ઉત્પાદન કરવાની કામગીરી કરવામાં આવે છે.

પ્રાદેશિક કપાસ સંશોધન કેન્દ્ર,મકતમપુર, ભરૂચની પ્રાથમિક માહિતી અને ફાર્મનો નકશો આ સાથે સામેલ છે.

**૨. પોતાના અધિકારીઓ કર્મચારીઓની સત્તા અને ફરજો.**

કેન્દ્ર હસ્તક ચાલતી જુદી જુદી સંશોધન પ્રવૃતિઓ મુજબ કામની સોપણી અને કામગીરી પર દેખરેખ રાખી યોગ્ય માર્ગદર્શન પુરુ પાડવામાં આવે છે.તથા સંશોધન અને વિસ્તરણની કામગીરી કરાવવાની રહે છે. સાથે સાથે યુનિવર્સિટી સ્ટેચ્યુટમાં દર્શાવેલ સત્તા અને ફરજોને અનુસરવી.

વર્ગ–૧ અને ૨

| અં.નં. | અધિકારી/કર્મચારીનું નામ | હોદ્દો | કચેરીનું સરનામું | ફરજ |
|---|---|---|---|---|
| ૧ | પ્રો એ.આર.પટેલ | ઈ/ચા સહ સંશોધન વૈજ્ઞાનિક(કૃષિ વન) (પ્લાન્ટ બ્રીડીંગ) | પ્રાદેશિક કપાસ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, મકતમપુર, ભરૂચ | પ્રાદેશિક કપાસ સંશોધન કચેરીના સમગ્ર સંશોધન વહીવટી, હિસાબી, બીજ ઉત્પાદન માર્ગદર્શન અને નિરીક્ષણની કામગીરી. (બ્રીડીંગ અખતરાની સંખ્યાઃ ૫૦) ) |
| ૨ | પ્રો .એમ.એલ.પટેલ | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રોનોમી) | | GKMS બ.સ૧૮૯૨૫ સઘળી કામગીરીની સોપણી આર.એ. ડૉ બી.એમ.મોટેને સમજાવી અને સંપૂર્ણ ચાર્જની સોપણી કરવી. એગ્રોનોમી અખતરા તથા રીઝલ્ટ તૈયાર કરવા, ફાર્મ વિકાસ તથા ફાર્મની કામગીરીમાં મજુરના વિતરણની કામગીરી, મજુર હાજરીપત્રક અને લેબરસીટ ચકાસણી કરી સહી કરવી. તથા જનરલ પાક યોજના બનાવવી. ટેકનીકલ જનરલ પત્રવ્યવહાર, આર.ટી.આઈના જવાબ કરવા , વહીવટી તથા હીસાબી કામગીરીમાં મદદ કરવી. ઓફિસમાં ઈ/ચા સંશોધન વૈજ્ઞાનિકની ગેર હાજરીમાં જે તે સમયે તેમની જવાબદારી સંભાળવી. (અખતરાની સંખ્યાઃ ૦૩) |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | પ્રો.આર. કે પટેલ | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એન્ટોમોલોજી) | | એન્ટોમોલોજી અને પેથોલોજી ના અખતરાઓની સઘળી કામગીરી, ફાર્મના રોગ–જીવાતને લગતી તમામ પ્રશ્નોનાં નિદાન તથા યોગ્ય પગલા લેવા એફ.એલ.ડી. તથા જીલ્લા કક્ષાએ કપાસની જીવાતની સર્વે અંગેની કામગીરી, કચેરી બહારનાં સંબધીત કાર્યક્રમો ની કામગીરી બજાવવી તથા જમીનને લગતા પત્રવ્યવહાર કરવા. પાક યોજના મુજબ સ્ટોરને લગતી તમામ ખરીદી કરાવવી. સ્ટોર રજીસ્ટરોમાં સહી કરવી. સૈયદ સ્ટોર ઈનચાર્જ સાથે રહી તમામ કામગીરી કરાવવી. (અખતરાની સંખ્યાઃ ૧૧) |

વર્ગ–૩ અને ૪

| અ.નં | નામ | હોદ્દો | કર્મચારીઓની ફરજ |
|---|---|---|---|
| ૪ | શ્રી એ.કે. પટેલ ટે.૪ | ખેતી નીરીક્ષક ૪ અ,બ ૭અ,બ,ક | ઓફિસ વિભાગને લીગતી ખરીદીની, ફાર્મ સાધનો/ રીપેરીંગ ને લગતી કામગીરી તથા રજીસ્ટરો/પત્રકો નિભાવવા. ફાર્મ ડેવલપમેન્ટ કામગીરી પર ધ્યાન આપવું. ફેન્સીંગ દેખરેખ તથા રીપેરીંગ અને જાળવણી, નવા બાંધકામ અને પાણીનાં નિકાલનાં કાંસની કામગીરી.યંત્રો અને વાહનોની સઘળી કામગીરી કરવી તેને લગતા રજીસ્ટરો નિભાવવા,સ્કીલ/અર્ધસ્કીલ મજુરની લેબર સીટ નિભાવવી,રજીસ્ટર નિભાવવા. ડેડ સ્ટોક રજીસ્ટર નિભાવવું અને જાળવણી કરવી, તુવેરની બીજ ઉત્પાદનની કામગીરી શ્રી બી. એચ. ડોબરીયા, ખે.મને દરેક કામગીરીથી વાકેફ કરવા. તથા ઉપરોકત સઘળી કામગીરી બાબતોનો હવાલો શ્રી બી. એચ. ડોબરીયાને નિવૃત્તિના એક મહિના પહેલા મારી જાણમાં સોપણી કરવી. |
| ૫ | શ્રી.આર.એમ.પરમાર ટે.૫ | ખેતી નીરીક્ષક ૨ અ,બ,ક ૫ બ,ખ ૯ | બ્રિડીંગ વિભાગનાં બધાજ અખતરાની સઘળી કામગીરી, તેનાં અવલોકન, રૂ નાં સેમ્પલ અને સીડ તૈયાર કરવા અને મોકલવા તથા તેનાં રજીસ્ટરની નિભાવણી કરવી, બી.ટી કપાસ/અખતરાની કામગીરી સંભાળવી.ક્રોસીંગ સંકરણની કામગીરી કરવી. ઝાડ રજીસ્ટર,પશુધન રજીસ્ટર ,બાંધકામ રજીસ્ટર નિભાવવા, બીજપ્લોટ તૈયાર કરવું. |
| ૬ | શ્રી એન.જે.મૈસુરીયા ટે.૬ | ખેતી મદદનીશ ૨ અ,બ,ક ૫ બ,ખ ૯ | બ્રીડીંગ વિભાગની તમામ કામગીરી ઉપરાંત મજુરોની હાજરી પૂરવી, અને તેઅંગેના રજીસ્ટરો નિભાવવા લેબર સીટ તૈયાર કરવી તથા પત્ર વ્યવહાર કરવો, જી. કોટ ૨૩, જી.એન.કોટ–૨૫, જી.એન.કોટ ૨૯ પ્લોટબીજ ઉત્પાદન, મજુરોની ક્ષેત્રીય કામગીરી દરમ્યાન ધ્યાન આપવું. બ્રીડરસીડ પ્લોટમાં રોગીંગની કામગીરી. |
| ૭ | શ્રી.ટી. એસ. સૈયદ ટે.૩ | ખેતી મદદનીશ ૯,૧૦ | સ્ટોરને લગતી સઘળી કામગીરી નિભાવવી તેના રજીસ્ટરો નિભાવવા અને ઓડીટ કરાવવું , ફાર્મ વપરાશની ખરીદી /વપરાશ માટે અંદાજીત ખર્ચની જોગવાઈ રાખવી, ફાર્મનાં બીજ ઉત્પાદન/તથા સર્ટી. કપાસ જાત જી.એન.કોટ–૨૫ ના બીજ ઉત્પાદન કાર્યક્રમની તેમજ નિતિનિયમો મુજબ બીજ ચકાસણી કરાવી, કપાસ બીજ તુવેર બીજના વેચાણ અંગેની કામગીરી. કચેરીનાં માઈનોર રીપેરીંગ, કેમ્પસ બ્યુટીફીકેશન એન્ડ કલીનીંગ,આકસ્મીક ખર્ચ માટે જેવા કે ડીઝલ તથા અન્ય ચીજવસ્તુઓના એબસ્ટેક ઉપાડવા તેમજ સમય મર્યાદામાં હિસાબ રજુ કરવાની કામગીરી . ફાર્મસ હોસ્ટેલનું ડેડસ્ટોક સંભાળવું અને જાળવણીની કામગીરી, |

| | | | |
|---|---|---|---|
| ૮ | શ્રી બી.એચ.ડોબરીયા<br>ટે.૭ | ખેતી મદદનીશ<br>૪ અ,બ<br>૭અ,બ,ક | શ્રી એ.કે.પટેલ, ખે.નિ.સાથે રહી તેમને સોપેલ દરેક કામગીરી કરવી તથા રીટાર્યડ પહેલા તેમની પાસેનો સપૂંર્ણ ચાર્જ સંભાળી લેવો. ઓફિસનાં કોમ્પ્યુટર, ઝેરોક્ષ મશીન તથા ઈન્ટરનેટ રીપેરીગની કામગીરી શ્રી ડી.પી.કામાણી સાથે કરવી. |
| ૯ | શ્રી જે. પી.ઉકાણી<br>ટે.૮ | ખેતી મદદનીશ<br>૬ અ.બ. | શ્રી આર.કે.પટેલ એન્ટો. પેથો. વિભાગમાં તથા ટેકનીકલ કામગીરીમાં મદદ કરવા ઉપરાંત કપાસ બ્રીડીગ વિભાગનાં ટેકનીકલ પત્રવ્યવહારની કામગીરી કરવી. |
| ૧૦ | શ્રી આર.આર.રાવ<br>ટે.૯ | સીનીયર કલાર્ક | વહીવટી કામગીરી સેવાપોથી નિભાવવી, કચેરીનો સામાન્ય પત્ર વ્યવહાર કરવો અંદાજપત્રો તૈયાર કરવા બજેટની કામગીરી કચેરીનાં ઓડીટ કરાવવું. ઓડીટપેરાને લગતી કામગીરી કરવી. રોજગાર કચેરીને લગતા પત્ર વ્યવહાર કરવા કચેરીને લગતી કામગીરીમાં ઘ્યાન આપવું તેમજ કેશબુક ચેક કરવી. વિગેરે સઘળી વહીવટી કામગીરી કરવી. |
| ૧૧ | શ્રી વી. આર. રાણા<br>ટે.૧૦ | જુનીયર કલાર્ક | હિસાબી કામગીરી, કેશબુક, બેન્કને લગતી કામગીરી, હિસાબી રજીસ્ટરો નિભાવવાની કામગીરી, બેન્ક મેળવણા પત્રક, પી.એફ પાસબુક, તેમજ તમામ પ્રકારના બીલો બનાવવા, હિસાબી રજીસ્ટરો નિભાવવાની કામગીરી વ્યવસાયવેરા– આવકવેરાને લગતી કામગીરી વ્યવસ્થિત ફાઈલીંગ કરવું તથા રાખેલ રોજમદાર પાસેથી નીચે જણાવેલ જરૂરી કામગરી લેવી જેવી કે.....<br>ટપાલ આવક–જાવક રજીસ્ટરો નિભાવવા, સ્ટેશનરીને લગતી કામગીરી કરવી. તેમજ કચેરીની ગુજરાતી તથા અંગ્રેજીમાં કોમ્પ્યુટરની કામગીરી તમામ પ્રકારના બીલો બનાવવાની કામગીરી તેમજ વ્યવસ્થિત ફાઈલીંગ કરવું |
| ૧૨ | શ્રી સી.ડી.પટેલ | ટ્રેકટર ડ્રાઈવર | ટ્રેકટરને લગતી તમામ ક્ષેત્રિય તેમજ તેના નિભાવવાની કામગીરી/સાધનની જાળવણી કરવી. |
| ૧૩ | શ્રી પી. એસ.વસાવા | લેબ. બોય | કચેરી ખોલી, સારૂ સફાઈ કરાવવી તથા ટપાલ લાવવી તેમજ પટાવાળાને લગતી રોજબરોજની કામગીરી. |
| ૧૪ | શ્રીમતિ યુ.એમ.પટેલ | પટાવાળા | કચેરી બંધ કરવાની તેમજ પટાવાળાને લગતી કામગીરી રોજબરોજની કામગીરી કચેરીની ટપાલ તથા પરિપત્રોની ફેરવણી. |
| ૧૫ | શ્રી બી.એમ.મોટે<br>ટે.૧૧ | રીસર્ચ અસોસીયેટ | જી.કે.એમ.એસ પ્રોજેકટમાં નિયમીત દર મંગળવાર અને શુક્રવારે આવેલ હવામાન આગાહી આધારીત ખેડુત બુલેટીન તૈયાર કરી આઈ.એમ.ડી.ની સાઈટ ઉપર અપલોડ કરવા તથા જુદા જુદા વૈજ્ઞાનિકોને ઈ.મેઈલ કરવો. હવામાનના દૈનિક,અઠવાડીક તથા માસીક હવામાનના આકડાને કમ્પ્યુટરમાં અપડેટ કરવા પ્રોજેકટનાં વાર્ષિક રીપોર્ટ તૈયાર કરવા તથા હવામાનના અવલોકનો લેવા. વેધશાળા અપડેટ કરવી. ફાર્મની અન્ય કામગીરીમાં શ્રી એમ.એલ.પટેલને મદદ કરવી. |
| ૧૬ | શ્રી ડી.પી. કામાણી<br>ટે.૧૨ | હાવામાન નિરીક્ષક<br>૬ અ બ, ૮અ, ઓબઝરવેટરી | શ્રી બી. એમ.મોટેના હાથ નીચે તેમનાં માર્ગદર્શન હેઠળ વેધશાળાનાં સ્ટાન્ડર્ડ સમય મુજબ નિયમિત અવલોકન લેવા, તેની રજીસ્ટરમા નોંધ કરવી વેબ સાઈટ પર અપલોડ કરવા અને આગળની કાર્યવાહી કરી રીપોર્ટ તૈયાર કરવા. શ્રી એમ.એલ. પટેલને એગ્રોનોમી વિભાગની કામગીરીમાં મદદ કરવી. કચેરીની અન્ય કામગીરી કરવી, તથા વેધશાળા ચોખ્ખી રાખવી. ઓફિસનાં કોમ્પ્યુટર, ઝેરોક્ષ મશીન તથા ઈન્ટરનેટ ની જાળવણી તથા રીપેરીગની કામગીરી કરવી. |

**૩ દેખરેખ અને જવાબદારીઓના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતિ**

ઓફિસ વડાની નીચેના સંવર્ગના અધિકારી/કર્મચારી તેમની ફરજમાં આવતા કાર્યો માટે મુસદો રજુ કરે છે. તેમાં ઉપલા અધિકારી યોગ્ય સુધારા–વધારા કરીને જરૂરી માર્ગદર્શન પુરુ પાડી ઓફિસ વડાની મંજુરી અર્થે રજુ કરે છે. અને જો જરૂર જણાય તો ઓફિસ વડા ઉપલી કચેરીનો સંપર્ક કરી જરૂરી આદેશો/માર્ગદર્શન મેળવે છે.

**૪ પોતાના કાર્યો બજાવવા માટે પોતે નકકી કરેલ ધોરણો**

યુનિવર્સિટીનાં નિતી નિયમો(સ્ટેચ્યુટ) અને આઈ.સી.એ.આર દ્વારા નિર્ધારિત કરેલ માપદંડો મુજબ સંશોધન અને વિસ્તરણની કામગીરી કરવામાં આવે છે. જેમાં સંશોધનની કમિટીમાં નકકી થયા મુજબ વિભાગ દ્વારા સંશોધનની કામગીરી હાથ ધરવામાં આવે છે. જયારે વિસ્તરણની કામગીરીમાં અત્રેના કેન્દ્ર, ખેતીવાડી વિભાગ તથા અન્ય પ્રોજેકટ/યોજનાઓ દ્વારા આયોજીત ખેડૂત શિબિર, કિસાન ગોષ્ઠી, કૃષિ મેળામાં ખેડૂતોને અલગ–અલગ વિષય ઉપર ખેતી ઉપયોગી માર્ગદર્શન પુરુ પાડવામાં આવે છે. કૃષિ મહોત્સવમાં પણ કૃષિ વૈજ્ઞાનિક તરીકે હાજર રહી ખેડૂતોને જરૂરી માર્ગદર્શ પુરુ પાડવામાં આવે છે. ખેડૂતો દ્વારા જયારે અત્રેની કચેરીનો સીધો સંપર્ક સાધવામાં આવે છે ત્યારે તેમનાં પ્રશ્નો અંગે જરૂરી માર્ગદર્શન પુરુ પાડવામાં આવે છે અને જરૂરી જણાય તો ખેડુતોનાં ખેતર પર જઈને પણ માર્ગદર્શન પુરુ પાડવામાં આવે છે.

**૫. પોતાના કાર્યો મુકત કરવા માટે તેના કર્મચારીઓ દ્વારા ઉપયોગમાં લેવાયેલા અથવા અંકુશ હેઠળ અથવા તેના દ્વારા રખાયેલ નિયમો, વિનિયમો, સૂચનાઓ, નિયમ સંગ્રહો અને રેકર્ડ**

વિભાગમાં મંજુરી રજીસ્ટર, સ્ટોર રોજમેળ, ચીજવસ્તુ વપરાશ રજીસ્ટર, લેબરશીટ, હાજરી પત્રક, કેશમેમો, કચેરીમાં નાણાં ભરવાનુ પત્રક, બીલ મુવમેન્ટ, વાહન–સાધનોનું રીપેરીંગ વગેરે રજીસ્ટરો /પત્રકો નિભાવવામાં આવે છે તથા સંશોધનના પરિણામોનો એગ્રેસ્કો રીપોર્ટ તૈયાર કરવો તથા ફાર્મ ખાતેની વાવેતરની માહિતી તૈયાર કરવી.

**૬ પોતાની પાસે અથવા પોતાના અંકુશ હેઠળ રખાયેલા વિવિધ કેટેગરીઓના દસ્તાવેજોનું નિવેદન**

વિભાગના અધિકારી/કર્મચારીઓ નીચે મુજબની ફાઈલો/ રજીસ્ટરોની નીભાવણી કરે છે તથા તે અંગેનો પત્ર વ્યવહાર કરે છે. (પત્રક –૩)

**૭ તેની નીતી ઘડવાના અથવા તેના અમલીકરણ ના સંબંધમાં જનતાના સભ્યો દ્વારા રજુઆત કરાયેલી અથવા તેમની સાથે ચર્ચા માટે રહેલી કોઈ પણ વ્યવસ્થાની વિગત**

જાહેર જનતાના સભ્યો સાથે ખેતીને લગતા પ્રશ્નો અંગે અત્રેના વિષયને લગતી ZREAC સબ કમિટીમાં પ્રગતીશીલ ખેડુતોને આમંત્રણ આપી ને ચર્ચા કરવામાં આવે છે. અને તેમાં તેમના દ્વારા રજુ તથા પ્રશ્નોનું યોગ્ય રીતે નિરાકરણ લાવવા સંશોધનનું આયોજન કરી પરિણામ મેળવવામાં આવે છે.જેને એગ્રેસ્કો સબ કમિટીમાં કે AICRP માં રજુ કરવામાં આવે છે અને સિધ્ધ થયેલ સંશોધન તારણોની ભલામણ કરવામાં આવે છે.આ સિવાય કેન્દ્ર ખાતે વર્ષ ૨૦૧૭–૧૮ માં બીજ ઉત્પાદનની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | પાકનું નામ | જાત | બિયારણની કક્ષા | વાવેતર વિસ્તાર (હે. આર) | ઉત્પાદન (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|
| ૧ | તુવેર | વૈશાલી | ફાઉન્ડેશન | ૧.૦૦ | ૦૦ |
| | | | સર્ટીફાઈડ | ૩.૫૦ | ૦૦ |
| | | | ટુથ ફુલ | ૪.૦૦ | ૨૭૦૦ |
| ૨ | કપાસ | ગુ.ક–૨૩ | ટુથ ફુલ | – | – |
| | | ગુ.ક–૨૫ | ટુથ ફુલ | ૪.૦૦ | નીલ |
| ૩ | કપાસ | ગુ.ક–૨૩ | બ્રીડર સીડ | ૦.૨૦ | નીલ |
| | | ગુ.ક–૨૫ | પ્રોજેની બલ્ક | ૦.૫૦ | નીલ |
| | | ગુ.ક–૧૬ | ટુથ ફુલ | ૦.૨૦ | નીલ |

**૮ પોતાની સલાહના હેતુ માટે અથવા તેના ભાગ તરીકે રચાયેલી બે કે તેથી વધુ વ્યકિતઓ ધરાવતા બોર્ડ, કાઉન્સીલો, કમિટિઓ અને બીજાં મંડળોનું નિવેદન અને આ બોર્ડ, કાઉન્સીલો, કમિટિઓ અને અન્યં મંડળોની બેઠકો જાહેર પ્રજા માટે ખુલ્લી છે કે કેમ?અથવા આવી બેઠકોની વિગતો જાહેર પ્રજા મેળવી શકે છે કે કેમ તેનું નિવેદન**

ઉપરોકત મુદો અત્રેનાં વિભાગને લાગુ પડતો નથી.

**૯ પોતાના અધિકારીઓ અને કર્મચારીઓની ડિરેકટરી(નામ–સરનામા)**

આ સાથે પત્રક સામેલ છે. (પત્રક – ૧)

**૧૦ તેના વિનિયમોમાં પુરી પડાયેલો વળતરની પધ્ધતિ સહિત તેના દરેક અધિકારી અને કર્મચારીઓ દ્વારા પ્રાપ્ત કરાયેલો માસિક પગાર**

આ સાથે પત્રક સામેલ છે. (પત્રક – ૧)

**૧૧ તમામ યોજનાઓ, વિગતો સુચિત ખર્ચા અને કરાયેલી ચૂકવણીના અહેવલો દર્શાવતા તેની તમામ એજન્સી ને ફાળવાયેલ બજેટ.**

અત્રે ચાલતી યોજનાઓના નાણા હિસાબ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફથી ફાળવઆપવામાં આવે છે. તે મુજબ સંશોધન પાછળ ખર્ચ કરવામાં આવે છે. આ સાથે પત્રક સામેલ છે. (પત્રક – ૨)

**૧૨ ફાળવેલ રકમો અને આ કાર્યક્રમોનો ફાયદો (લાભાર્થીઓ)મેળવનારની વિગતો સહિત સબસીડી (આર્થીક સહાય) કાર્યક્રમોનો અમલનો પ્રકાર૬**

દેશી કપાસ અને તુવેરનાં ઉચ્ચકક્ષાના બિયારણ યુનિવર્સિટીએ નકકી કરેલ ભાવે ખેડૂતોને વેચાણ કરવામાં આવેલ છે.

**૧૩ તેના દ્વારા અપાયેલી છુટછાટ, પરવાનગીઓ અને સત્તા સોપણી મેળવનારની વિગતો**

ઉપરોકત મુદ્દો અત્રેનાં વિભાગને લાગુ પડતો નથી.

**૧૪ ઈલેકટ્રનીક ફોર્મમાં ઘડાયેલી તેના દ્વારા રખાયેલી અથવા તેને ઉપલબ્ધ માહિતીને લગતી વિગતો**

ઉપરોકત મુદ્દો અત્રેનાં વિભાગને લાગુ પડતો નથી.

**૧૫ પુસ્તકાલય અથવા વાચન ખંડના કામના કલાકો સહિત માહિતી મેળવવા માટે નાગરીકોને ઉપલબ્ધ સુવિધાઓની વિગતો માટે તેની જાળવણી કરાઈ હોય તો**

ઉપરોકત મુદ્દો અત્રેનાં વિભાગને લાગુ પડતો નથી.

**૧૬ જાહેર માહિતી અધિકારીઓના નામ, હોદ્દો અને બીજી વિગતો**

માહિતી અધિકારીનું નામ ::

પ્રો એ.આર.પટેલ
ઈ/ચા સહ સંશોધન વૈજ્ઞાનિક( કૃષિ વન )
પ્રાદેશિક કપાસ સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
મકતમપુર, ભરૂચ–૩૯૨ ૦૧૨
ફોન નંબર :– ૦૨૬૪૨ ૨૪૫૨૫૩
મો. ૯૭૨૫૦ ૦૧૫૦૬

**૧૭ ઠરાવી શકાય તેવી અન્ય કોઈ માહિતી અને ત્યારબાદ આવે એવી બીજી માહિતી દર વર્ષે આ પ્રકાશનોને અદ્યતન કરવી જોઈશે. હા**

**અધિકારી અને કર્મચારીઓ ના નામ સરનામા તથા અધિકારી અને કર્મચારીઓ દ્વારા પ્રાપ્ત કરાયેલો એપ્રિલ–૨૦૧૮નો માસિક પગાર**

(પત્રક – ૧)

| અં. ન. | અધિકારી/કર્મચારીનું નામ | હોદ્દો | પગાર સ્કેલ /ગ્રોસ પગાર | કચેરીનું સરનામું |
|---|---|---|---|---|
| ૧ | પ્રો એ.આર.પટેલ | સહ સંશોધન વૈજ્ઞાનિક (કૃષિ વન) | ૧૫૬૦૦–૩૯૧૦૦ ગ્રે.પે–૭૦૦૦ (ગ્રો.૮૨૧૪૭) | પ્રાદેશિક કપાસ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી મકતમપુર, ભરૂચ |
| ૨ | પ્રો .એમ.એલ.પટેલ | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક | ૧૫૬૦૦–૩૯૧૦૦ ગ્રે.પે–૭૦૦૦ (ગ્રો.૮૧૯૭૨) | |
| ૩ | પ્રો.આર. કે પટેલ | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક | ૧૫૬૦૦–૩૯૧૦૦ ગ્રે.પે–૭૦૦૦ (ગ્રો. ૭૦૨૮૭) | |
| ૪ | શ્રી એ.કે. પટેલ | ખેતી નીરીક્ષક | ૩૯૯૦૦–૧૨૬૬૦૦ (ગ્રો.૬૬૦૫૭) | |
| ૫ | શ્રી.આર.એમ.પરમાર | ખેતી નીરીક્ષક | ૩૯૯૦૦–૧૨૬૬૦૦ (ગ્રો.૬૬૦૫૭) | |
| ૬ | શ્રી એસ.એમ.પટેલ | ખેતી નીરીક્ષક | ૩૯૯૦૦–૧૨૬૬૦૦ (ગ્રો.૬૬૧૧૪) | |
| ૭ | શ્રી.એન.જે. મૈસુરીયા | ખેતી મદદનીશ | ૩૯૯૦૦–૧૨૬૬૦૦ (ગ્રો.૫૮૭૬૦) | |
| ૮ | શ્રી ટી. એસ.સૈયદ | ખેતી મદદનીશ | ૧૯૯૫૦–૦૦–૦૦ (ગ્રો. ૧૯૯૫૦) | |
| ૯ | શ્રી બી.એચ.ડોબરીયા | ખેતી મદદનીશ | ૧૯૯૫૦–૦૦–૦૦ (ગ્રો. ૧૯૯૫૦) | |
| ૧૦ | શ્રી જે. પી.ઉકાણી | ખેતી મદદનીશ | ૧૯૯૫૦–૦૦–૦૦ (ગ્રો. ૧૯૯૫૦) | |
| ૧૧ | શ્રી એચ.ડી.પટેલ | ફોરમેન | ૨૫૫૦૦–૮૧૧૦૦ (ગ્રો. ૨૮૯૦૬) | |
| ૧૨ | શ્રી આર.આર.રાવ | સીનીયર કલાર્ક | ૨૫૫૦૦–૮૧૧૦૦ (ગ્રો. ૩૭૪૪૬) | |
| ૧૩ | શ્રી વી. આર. રાણા | જુનીયર કલાર્ક | ૧૯૯૦૦–૬૩૨૦૦ (ગ્રો. ૨૨૬૯૮) | |
| ૧૪ | શ્રી .સી.ડી.પટેલ | ટ્રેક્ટર ડ્રાઈવર | ૨૯૨૦૦–૯૨૩૦૦ (ગ્રો. ૪૯૫૬૫) | |
| ૧૫ | શ્રી. પી.એસ.વસાવા | લેબ. બોય | ૧૫૦૦૦–૪૭૬૦૦ (ગ્રો. ૩૦૬૦૦) | |
| ૧૬ | શ્રીમતિ યુ.એમ.પટેલ | પટાવાળા | ૧૫૦૦૦–૪૭૬૦૦ (ગ્રો. ૩૦૮૧૯) | |
| ૧૭ | શ્રી બી.એમ.મોટ | રીસર્ચ અસોસીયેટ | ૪૦૦૦૦+૪૦૦૦=૪૪૦૦૦ | |
| ૧૮ | શ્રી ડી.પી.કામાણી | હવામાન નિરીક્ષક (ફીકસ પગાર ) | ૧૨૦૦૦+૧૨૦૦ =૧૩૨૦૦ | |

REGIONAL COTTON RESEARCH STATION, N.A.U. MAKTAMPUR, BHARUCH
PLAN / NON PLAN SCHEME
STATEMENT OF GRANT ALLOTMENT UP TO 31st MARCH 2018
(Patrak – 2)

| No. | BH | Name of Scheme | Allotted grant | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | Pay & Allow | Recurring | Non Recurring | Works | Total |
| 1 | 5009 | Scheme For Research In Cotton Bharuch | 7120000/- | 256000/- | - | - | 7376000/- |
| 2 | 12009 | To Establish a Centre of Excellence for Cotton Research Bharuch | 1955000/- | 2569000/- | 125000/- | - | 4524000/- |
| 3 | 18925 | Gramin Krishi Mausam Seva, Bharuch | 1215496/- | 170000/- | - | - | 1385496/- |
| 4 | 12946-F | Genetic Enhancement of Niche Crop | - | 50000/- | - | - | 50000/- |
| 5 | 9510-N-18 | Rev. Fund (Cotton) Bharuch | - | 2986078/- | - | - | 2986078/- |
| 6 | 12009-R | Centre Of Excellence For Cotton, Bharuch | - | - | - | - | - |
| 7 | 12600/0N | Classified Works Cotton, Bharuch | - | 25000/- | - | - | 25000/- |
| 8 | 2009/08 | Conducting Trials Of AICRP Bharuch | - | 19177/- | - | - | 19177/- |
| 9 | 01534 | Minor & Original Works At Campus/Zones, Cotton Bharuch | -- | 100000/- | - | - | 100000/- |
| 10 | 12712 | Campus Development Programme on Campus(Security) | 341000/- | - | - | - | 341000/- |
| 11 | 2004/08 | Krushivan, Bharuch (Company Trial-Bt.) | - | 1730195/- | - | - | 1730195/- |

## દસ્તાવેજોનું વર્ગીકરણ (પત્રક–૩)

| અ.ન. | અધિકારી/કર્મચારીનું નામ અને હોદ્દો | ફાઈલ/રજીસ્ટરોની વિગત |
|---|---|---|
| ૧ | પ્રો.એ.આર.પટેલ<br>ઈ/ચા.સહ સંશોધન વૈજ્ઞાનિક<br>(કૃષિ વન) | • પ્રોજેકટના અખતરાઓની ફાઈલ<br>• સ્ટેટ ટ્રાયલ (નોન પ્રોજેકટ) અખતરાઓની ફાઈલ<br>• ફાઈબર કવોલીટી અને ઓઈલ કંન્ટેટની ફાઈલ<br>• સ્ટેટ ટ્રાયલ અખતરાના પરિણામોની ફાઈલ<br>• પ્રોજેકટ અખતરાના પરિણામોની ફાઈલ<br>• બી.ટી. અખતરાની ફાઈલ<br>• ખાનગી અહેવાલની ફાઈલ<br>• સીડ ની ફાઈલ<br>• તાંત્રિક પ્રોગ્રામ અને અખતરાઓની પાક યોજના અને સોઈગ લીસ્ટ<br>• પત્રવ્યવહાર ફાઈલ<br>• પરચૂરણ ફાઈલ |
| ૨ | પ્રો .એમ.એલ.પટેલ<br>મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક | • એગ્રોનોમી વિભાગની તાંત્રિક ફાઈલો (સોંઈગલીસ્ટ, તાંત્રિક કાર્યક્રમની ફાઈલ, એગ્રેસ્કો રીર્પોટ)<br>• જનરલ પાક યોજનાની માહિતી અગેની ફાઈલો<br>•ફાર્મ ડેવલપમેન્ટ વહિવટી ફાઈલ.<br>• આર.ટી.આઈ. પત્રવ્યહારની ફાઈલ. |
| ૩ | પ્રો.આર. કે પટેલ<br>મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક | • કિટકશાસ્ત્ર વિભાગના અખતરાઓ, પરીણામોની ફાઈલ.<br>• રોગશાસ્ત્ર વિભાગના અખતરાઓ, પરીણામોની ફાઈલ.<br>• એફ.એલ.ડી. ની ફાઈલ<br>• આત્મા પ્રોજેકટ, નેશનલ હોર્ટીકલ્ચર મિશન મીટીંગો – પત્રવ્યહારની ફાઈલ<br>• ન.કૃ.યુ વેબસાઈટની ફાઈલ.<br>• જમીન અંગેના પત્રવ્યહારની ફાઈલ.<br>• " મેરા ગાઁવ મેરા ગૌરવ" પ્રોજેકટની ફાઈલ.<br>• અન્ય પત્રવ્યહાર, પરચુરણ ફાઈલ. |
| ૪ | શ્રી એ.કે.પટેલ<br>ખેતી નીરીક્ષક | • જનરલ ડેડ સ્ટોક રજીસ્ટર.<br>• વાહનોની લોગબુક,<br>• યંત્ર ભંગાર રજીસ્ટર.<br>• યાંત્રિક સાધનો રીપેરીંગ રજીસ્ટર, યાત્રિક રીપેરીંગની ફાઈલ<br>• જમીન અંગેની ફાઈલ.<br>• સ્કીલ/ અર્ધસ્કીલ મસ્ટર લેબર સીટ ની ફાઈલ.<br>• વિભાગ ખરીદીની ફાઈલ.<br>• સ્કીલ/ અર્ધસ્કીલ મજુરોની ફાઈલ.<br>• વિમા તથા આર.ટી.ઓં અંગેની ફાઈલ |

| | | |
|---|---|---|
| ૫ | શ્રી.આર.એમ.પરમાર<br>ખેતી નીરીક્ષક | • બાંધકામ રજીસ્ટર.<br>• ઝાડ રજીસ્ટર.<br>• પશુધન રજીસ્ટર.<br>• ટેકનીકલ પત્રોની ફાઈલ.<br>• ફાઈબર કવોલીટી અને ઓઈલ કંન્ટેટની ફાઈલ |
| ૬ | શ્રી.એન.જે. મૈસુરીયા<br>ખેતી મદદનીશ | • દૈનિક મજુરી પત્રક, પગાર ચિઠ્ઠી<br>• બ્રીડીંગ અવલોકન રજીસ્ટર.<br>• બ્રીડીંગ સીલેકશન રજીસ્ટર.<br>• કપાસ બીજની ફાઈલ.<br>• તાંત્રિક પ્રોગ્રામ અને અખતરાઓની પાક યોજના અને સોઈંગ લીસ્ટ<br>• સીડ ની ફાઈલ |
| ૭ | શ્રી ટી. એસ.સૈયદ<br>ખેતી મદદનીશ | • સ્ટોર જનરલ રજીસ્ટર, ઉત્પાદન અને વેચાણ રજીસ્ટરો.<br>• સ્ટોરની દરેક ખરીદી અગેની ફાઈલો.<br>• સ્ટોરને લગતા રજીસ્ટરો અને પ્રત્રવ્યવહાર.<br>• સ્ટોર વિભાગને લગતી ઓડીટની ફાઈલ<br>• બીજ ઉત્પાદન તથા તેના સર્ટીફીકેશન તથા વેચાણ અંગેની ફાઈલ<br>• ફાર્મસ હોસ્ટેલ ડેડસ્ટોકની ફાઈલ |
| ૮ | જસ્મીન એચ. ઉકાણી | • પ્રો એ. આર.પટેલ હસ્તકની તમામ ફાઈલો ખાનગી સિવાય |
| ૯ | ભદ્રેશ પી ડોબરીયા | • શ્રી એ.કે.પટેલને સોપવામાં આવેલ તમામ ફાઈલો જેવી કે<br>• જનરલ ડેડ સ્ટોક રજીસ્ટર.<br>• વાહનોની લોગબુક,<br>• યંત્ર ભંગાર રજીસ્ટર.<br>• યાંત્રિક સાધનો રીપેરીંગ રજીસ્ટર, યાત્રિક રીપેરીંગની ફાઈલ<br>• જમીન અંગેની ફાઈલ.<br>• સ્કીલ/ અર્ધસ્કીલ મસ્ટર લેબર સીટ ની ફાઈલ.<br>• વિભાગ ખરીદીની ફાઈલ.<br>• સ્કીલ/ અર્ધસ્કીલ મજુરોની ફાઈલ.<br>• વિમા તથા આર.ટી.ઓ અંગેની ફાઈલ |
| ૧૦ | શ્રી આર.આર. રાવ<br>સીનીયર કલાર્ક | • કેન્દ્રના વહીવટી અને હિસાબને લગતી ફાઈલો<br>• કર્મચારીઓની સેવાપોથી<br>• ખર્ચનું વર્ગીકરણની ફાઈલ<br>• MES નીફાઈલ<br>• અંદાજપત્રની ફાઈલ<br>• ઓડીટ પેરાની ફાઈલ |
| ૧૧ | શ્રી વી. આર.રાણા<br>જુનીયર કલાર્ક | • ગ્રાન્ટની ફાઈલ<br>• કેશબુક<br>• પ્રોવીડંડ ફંડની પાસબુકો<br>• કર્મચારીઓની અંગત ફાઈલો<br>• સામાન્ય પત્રવ્યવહારની ફાઈલ |

| | | |
|---|---|---|
| | | • પરચૂરણ ફાઈલો |
| ૧૨ | શ્રી બી.એમ. મોટે | • GKMS પ્રોજેક્ટને લગતી તમામ ફાઈલ તથા રીપોર્ટની ફાઈલો અને પત્રવ્યવહાર તથા એ.યુ.સી.ને લગતી ફાઈલ |
| ૧૩ | શ્રી ડી.પી. કામાણી<br>હવામાન્ નિરીક્ષક | • હવામાન અવલોકન રજીસ્ટર<br>• હવામાનના માસિક રીપોર્ટની ફાઈલ. |
| ૧૪ | શ્રી એસ. એમ. પટેલ<br>ખેતી નીરીક્ષક | • સદર કર્મચારી અત્રેની કૃષિ કોલેજ ખાતે ફરજ ફાળવેલ છે. |
| ૧૫ | શ્રી એચ.ડી પટેલ<br>ફોરમેન | • સદર કર્મચારી ડેડીયાપાડા કોલેજમાં ખાતે ફરજ ફાળવેલ છે. |

## પ્રોએકટિવ ડિસ્લોઝર (PAD) સાથે સમાવિત અન્ય ૬ મુદાઓની માહિતી નીચે મુજબ છે

## (૧) પ્રાદેશિક કપાસ સંશોધન કેન્દ્ર, મકતમપુર, ભરૂચ ખાતેં લેવાયેલ અખાતરાઓની યાદી

| Sr. No. | Name of Experiments |
|---|---|
| **PLANT BREEDING TRIALS** | |
| PB-1 | Br.02(b) I.E.T. of *G. hirsutum* cotton.(Rainfed) N.T. |
| PB-2 | Br.03(b) P.V.T. of *G. hirsutum* cotton. C.Z. |
| PB-3 | Br.04(b) CVT of *G. hirsutum* cotton. C.Z. |
| PB-4 | Br.25a/b PHT of deshi hybrids under rainfed condition. N.T. |
| PB-5 | Br.32(b) I.E.T. of *G. herbaceum* cotton. N.T. |
| PB-6 | 6b Niitial Evaluation of compact genotype under rainfed condition. N.T. |
| PB-7 | Demonstration Trial |
| PB- 8 | Study of SSHT under rainfed condition( HH Set-II). |
| PB-9 | Multilocation trial *G.hirsutum* Cotton. |
| PB-10 | Large Scale Varital Trial of *G.hirsutum* Cotton. |
| PB-11 | Small Scale Varietal Trial of *G.hirsutum* Cotton. |
| PB-12 | SSVT of *G.hirsutum* Cotton.(Station Trial) |
| PB-13 | P.E.T. of *G.hirsutum* Cotton. |
| PB-14 | Multi Location Trial of *G.herbaceum* cotton (open boll). |
| PB-15 | Large Scale Varietal Trial of *G. herbaceum* (Open boll) cotton . |
| PB-16 | Small Scale Varietal Trial of *G.herbaceum*(Open boll) cotton . |
| PB-17 | SSVT of *G. herbaceum* cotton. (Station Trial.) |
| PB-18 | P.E.T. of *G. herbaceum* cotton. |
| PB-19 | SSVT of G.hirsutum genotypes suitable for HDPS under different agro climatic conditions. |
| PB-20 | Study of intra *G.hirsutum* crosses in $F_7$ generation. |
| PB-21 | Study of intra *G.hirsutum* crosses in $F_3$ generation. |
| PB-22 | Study of intra specific *G. hirsutum* crosses in $F_1$ generation |
| PB-23 | PRT of GBHV-164 Cotton. |
| PB-24 | PRT of GN.Cot-26 Cotton. |
| PB-25 | Maintenance of cotton germplasm (*Hirsutum, Herbaceum. Arboreum*) |
| PB-26 | PRT of GBHV-177 Cotton. |
| PB-27 | PRT of GBHV-188 Cotton. |
| PB-28 | Study of intra specific crosses in$F_7$ generation. (h x h) |
| PB-29 | Study of intra specific crosses in F6 generation.(h x h). |
| PB-30 | Study of intra specific crosses in F5 generation.(h x h). |
| PB-31 | Study of intra crosses in $F_3$ generation.(h x h). |

| | |
|---|---|
| PB-32 | Study of intra specific crosses in $F_3$ generation. (a x h) |
| PB-33 | Study of intra specific crosses in $F_2$ generation. (h x a) |
| PB-34 | Study of inter specific crosses in$F_1$ generation. (h x h) |
| PB-35 | PRT of G.Cot-17 cotton. |
| PB-36 | PRT of GN.Cot-25 cotton. |
| PB-37 | Study of inter specific crosses in$F_4$ generation. (a x a) |
| PB-38 | Study of intra specific crosses in segregative generation. (h x a) |
| PB-39 | Study of inter specific crosses in$F_3$ generation. (a x a) |
| PB-40 | Study of intra specific crosses in $F_2$ generation (axa) . |
| PB-41 | Study of intra specific crosses in $F_1$ generation (hxa) . |
| PB-42 | PET-III of *G.arboreum* cotton.(Station trial). |
| PB-43 | PET-II of *G.arboreum* cotton.(Station trial). |
| PB-44 | PET-I of *G.arboreum* cotton.(Station trial). |
| PB-45 | PRT of Fuzzless cotton (ND6) |
| PB-46 | P.R.T. of G.COT-16 |
| PB-47 | Crossing Block |
| PB-48 | Promising Entries |
| PB-49 | IPS Entries |
| PB-50 | P.R.T. of Digvijay |
| PB-51 | P.R.T. of G.COT-23 |
| PB-52 | Hirsutum x Hirsutum BGII Hybrids Trial Under Protected Condition. |
| PB-53 | Hirsutum Bt variety Rainfed under Protected condition. |

**AGRONOMY TRIALS**

| | |
|---|---|
| Agro-1 | Permanent small plot trial to study the long term effect of $P_2O_5$ ( **Var. G. Cot.– 25** ) |
| Agro-2 | Response of cotton to green manuring and different fertility levels under rainfed condition. **(G.N.Cot-25)** 12.2.3.44 |
| Agro-3 | Response of cotton to tillage and different intercropping system under rainfed condition of South Gujarat. **(G.N.Cot-25)** 13.9.37 |

**ENTOMOLOGY TRIALS**

**A. AICCIP TRIALS**

| | | |
|---|---|---|
| 1 | Pr. Ent.1a | Screening of breeding material for resistant to insect pests. |
| 2 | Pr. Ent.2 | Population dynamics of key pests of cotton to develop suitable forecasting model and Monitoring of bollworms through pheromone traps. |
| 3 | Pr. Ent.3 | Compilation of last 10 years data on insect pests of cotton collected by AICRP - Cotton Entomologists. |

**B. NON-PROJECT TRIALS**

| | | |
|---|---|---|
| 1 | NP Ent.1 | Screening of cotton materials included in breeding trials and important breeding materials. |
| 2 | NP Ent.2 | Population dynamics of key pests of cotton in relation to climatic conditions. |
| 3 | NP Ent.3 | Surveillance of lepidopterous pests through sex pheromones. |
| 4 | NP Ent.4 | Roving survey of mealy bug |
| 5 | NP Ent.5 | Survey of pink bollworm on Bt and Non Bt cotton. |
| 6 | NP Ent.6 | Survey for assessment of losses due to mealy bug infestations in the farmers' fields |
| 7 | NP Ent.7 | Survey for assessment of losses due to pink bollworm infestations in the farmers' fields |
| 8 | NP Ent.8 | Long term studies on phosphorus application on incidence of pests of cotton |

**C. Bt COTTON TRIALS & HDPS (Collaboration with Plant Breeding)**

| | | |
|---|---|---|
| 1 | PB-40 | Identification of genotypes/varieties suitable for high density planting systems (HDPS) under different conditions. |

| PLANT PATHOLOGY TRIALS | | |
|---|---|---|
| **A. AICCIP TRIALS** | | |
| 1 | Pr. Path. 2(a) | Screening of breeding lines for disease reaction. |
| **B. NON-PROJECT TRIALS** | | |
| 1 | NP Path-1 | Screening of varieties/breeding materials for resistance to different diseases. |
| | | |
| ➢ **P.G. Research {Ph.D. (Ento.)} Experiments** (R. K. Patel) : | | |
| 1 | PG Ento.1 | Screening of cotton varieties/genotypes for their resistance against jassid under field condition. |
| 2 | PG Ento.2 | Population dynamics of cotton jassid, *A. biguttula biguttula* in relation to weather parameters. |

# (૨) ગુજરાત (એન) કપાસ-૨૫ ની આધુનિક ખેતી પધ્ધતિ

ગુ.કપાસ એન-૨૫ એ દેશી કપાસની સ્થાયી લક્ષણો ધરાવતી જાત છે. આ જાતનું સંશોધન પ્રાદેશિક કપાસ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, ભરૂચ ખાતે કરવામાં આવેલ સને ૨૦૧૦ થી મધ્ય ગુજરાત કપાસ વિસ્તરમાં બિન પિયત પરિસ્થિતી માટે વાવેતર માન્યતા મળેલ છે.

આ જાત ઉભી વૃધ્ધિમાં થાય છે. જેથી કપાસની વિણિમાં સુગમતા રહે છે. અન્ય દેશી કપાસની જાતોની સરખામણીમાંજીંડવાનું કદ મોટું અને બહુમતિ જીંવડા ચાર પેશીવાળા હોય છે. જેથી વિણિનો ખર્ચ ઓછો આવે છે અને કપાસ વિણવામાં અન્ય દેશી જાતોની સરખામણીમાં આ જાતની મજૂરો ધ્વારા પ્રથમ પસંદગી થાય છે. આ જાતનું કપાસનું ઉત્પાદન દિગ્વીજય કરતા લગભગ ૬૩ % અને ગુ.કપાસ-૧૭ કરતા આશરે ૫૭.૩ % વધારે અને ગુજરાત કપાસ-૨૩ કરતા ૧૮ % વધારે આ ઝોનમાં મળેલ છે. આ જાતમાં પ્રથમ ફાલ અને બીજા ફાલ વચ્ચે જીંડવા તૈયાર થવાના સમયનો તફાવત ઓછો હોવાથી બે વિણીમાં કપાસનું મહત્તમ ઉત્પાદન મળી જાય છે. આ જાતમાં રૂની ટકાવારી દિગ્વીજય કરતા ૬૯.૫ ટકા અને ગુ.કપાસ-૧૭ કરતા ૬૧.૮ ટકો અને ગુજરાત કપાસ-૨૩ કરતા ૧૮.૪ % વધારે મળે છે.

**જમીનની તૈયારી** : ઉનાળામાં શકય એટલી ઉંડી ખેડ કરી યોગ્ય ઓજારો થી જમીન રસદાર બનાવવી.

**વાવેતર** : વાવણી લાયક વરસાદ થયે ઓરીને / થાણીને વાવણી કરવી.

**બીજનું પ્રમાણ** : ઓરીને ૭ થી ૮ કીલો/હેકટરે અને થાણીને ૩.૫ થી ૪ કીલો

**વાવેતરનું અંતર** : ૧૨૦ x ૪૫ સેમી. અથવા ૧૫૦ x ૪૫ સે.મી.

**ખાતરો** : ૮૦ કિ.ગ્રા નાઇટ્રોજન પ્રતિ હેકટરે (૧ વિઘામા ૧૬ કિ.ગ્રા. નાઇટ્રોજન એટલેકે ૩૫ કિગ્રા યુરિયા બે સરખા હપ્તે આપવાનું. પ્રથમ હપ્તો છોડ ઉગ્યા બાદ ૩૦ દિવસ બાદ અને બીજો હપ્તો છોડની ફુલ ભમરી બેસવાના સમયે જમીનમાં ભેજનું પ્રમાણ જોઇને ઓરીને આપવું.

**નિંદામણ** : પાકને શકય એટલો નિંદામણ મુકત રાખવો આંને માટે બે હાર વચ્ચેનું નિંદામણ ટ્રેકટર અથવા કરબથી દૂર કરવું અને હાર ઉપરનું નિંદામણ હાથથી દૂર કરવું. જયાં નિદામણ વધુ થતું હોય ત્યાં કપાસના બીજ ની વાવણી પહેલા હાર કે ચાસ પર ૨.૫ થી ૩ લીટર/હેકટર મુજબ સ્ટોમ્પ રાસાયણિક નિંદામણ નાશક દવા ૬૦૦ લીટર પાણીમાં ભેળવી ચંટકાવ કરવાથી ૪૫ દિવસ સુધી અસરકારક નિયંત્રણ કરી શકાય છે.

**આંતરખેડ** : બિન પિયત કપાસની ખેતીમાં શકય એટલી વાર યોગ્ય ઓજારોથી આંતરખેડ કરતા રહેવું જોઇએ. ખાસ કરીને વરસાદ બંધ થયા પછી થી બે થી ત્રણ વખત કરબથી આંતરખેડ કરવી. જથી વધારે પ્રમાણમાં ભેજ સંગ્રહી શકાય.

**પાક સંરક્ષણ** : આ જાતમા શરૂઆતની અવસ્થામાં રાસાયણીક દવાની જરૂરીયાત રહેતી નથી. ફુલ અવસ્થા અને જીંડવાની અવસ્થા એ જો લીલી ઇયળ, કાબરી ઇયળ અથવા **ગુલાબી ઈયળ** નું પ્રમાણ ક્ષમ્યમાત્રા કરતા વધારે જોવા મળે તો

**લીલી ઈયળ** **માટે કવીનાલફોસ ૨૦ ટકા એએફ ૧૭૫૦–૨૫૦૦ મીલી/હે., સાયપરમેથ્રીન ૧૦ ટકા ઈસી ૫૫૦–૭૬૦ મીલી/હે., નુવાલ્યુરોન ૧૦ ટકા ઈસી ૧૦૦૦ મીલી/હે., ફેનપ્રોપેથ્રીન ૩૦ ટકા ઈસી ૨૫૦–૩૪૦ મીલી/હે., સ્પીનોસાડ ૪૫ ટકા એસસી ૧૬૫–૨૨૦ મીલી/હે., ફલુબેન્ડીએમાઈડ ૩૯.૩૫ ટકા એસસી ૧૦૦–૧૨૫ મીલી/હે., કલોરએન્ટ્રાનીલીપ્રોલ ૧૮.૫ ટકા એસસી ૧૫૦ મીલી/હે., એઝાડિરેકટીન ૦.૩% (૩૦૦૦ પીપીએમ) ૪૦૦૦ મીલી/હે. અથવા અન્ય ભલામણ થયેલ જંતુનાશક દવાઓનો જીવાત તેની ક્ષમ્યમાત્રા વટાવે ત્યારે વારા ફરતી છંટકાવ કરવો.**

**કાબરી ઈયળ** **માટે કવીનાલફોસ ૨૦ ટકા એએફ ૧૭૫૦–૨૫૦૦ મીલી/હે., કલોરપાયરીફોસ ૫૦ ટકા + સાયપરમેથ્રીન ૫ ટકા ઈસી ૧૦૦૦ મીલી/હે., ફેનપ્રોપેથ્રીન ૩૦ ટકા ઈસી ૨૫૦–૩૪૦ મીલી/હે., સાયપરમેથ્રીન ૧૦ ટકા ઈસી ૫૫૦–૭૬૦ મીલી/હે., ફલુબેન્ડીએમાઈડ ૩૯.૩૫ ટકા એસસી ૧૦૦–૧૨૫ મીલી/હે., કલોરએન્ટ્રાનીલીપ્રોલ ૧૮.૫ ટકા એસસી ૧૫૦ મીલી/હે. અથવા અન્ય ભલામણ થયેલ જંતુનાશક દવાઓનો જીવાત તેની ક્ષમ્યમાત્રા વટાવે ત્યારે વારા ફરતી છંટકાવ કરવો.**

**ગુલાબી ઈયળ** **માટે સાયપરમેથ્રીન ૧૦ ટકા ઈસી ૫૫૦–૭૬૦ મીલી/હે., કવીનાલફોસ ૨૦ ટકા એએફ ૧૭૫૦–૨૫૦૦ મીલી/હે., ફેનપ્રોપેથ્રીન ૩૦ ટકા ઈસી ૨૫૦–૩૪૦ મીલી/હે., કલોરપાયરીફોસ ૫૦ ટકા + સાયપરમેથ્રીન ૫ ટકા ઈસી ૧૦૦૦ મીલી/હે., ડેલ્ટામેથ્રીન ૧ ટકા + ટ્રાયઝોફોસ ૩૫ ટકા ઈસી ૧૦૦૦ –૧૨૫૦ મીલી/હે. અથવા અન્ય ભલામણ થયેલ જંતુનાશક દવાઓનો જીવાત તેની ક્ષમ્યમાત્રા વટાવે ત્યારે વારા ફરતી છંટકાવ કરવો.**

**પિયત** : આ કપાસ બિનપિયત પરિસ્થિતીમં લેવાનો છે. છતાં પિયતની જરૂરીયાત જણાય તો વરસાદ બંધ થયેથી એકાદ મહીના બાદ પિયત આપી દેવું છોડ ઉપર પુષ્કળ પ્રમાણમાં ફુલભમરી ઓવેલ હોય ત્યારે પિયત ન આપવું હિતાવહ નથી.

**કપાસની વિણી** : આશરે ૫૦ ટકા જીડંવા ફાટી જાય ત્યારે વિણી કરવી. કપાસની વિણીમાં સુકાઇ ગયેલ જીડંવા, પાન તેમજ અન્ય છોડના ભાગ ન આવી જાય તેની કાળજી રાખવી. સામાન્ય રીતે આ જાતમાં બે વીણીમાં પૂર્ણ ઉત્પાદન મળી જાય છે.

## (3) કપાસ ઉત્પાદન માટેના ચાવીરૂપ મુદ્દાઓ (Good Agricultural Practices)

- સારા નિતાર વાળી મધ્યમ કાળી થી ગોરાડુ જમીનની પસંદગી કરવી
- વરસાદ પહેલા વાવેતર માટે જમીન તૈયાર કરવી અને એકાંતરે વર્ષે ઉનાળામાં ઉંડી ખેડ કરવી
- વધુ વરસાદના કારણે ખેતરમાં પાણી ભરાઈ રહેતુ હોય તો પાળા પર વાવણી કરવા માટે પાળી બનાવવી
- સારૂ કોહવાયેલુ છાંણીયુ ખાતર કે કમ્પોસ્ટ ૧૦ ટન/ હેક્ટર મુજબ જમીનમાં ભેળવવું અથવા શક્ય હોય તો શણ કે ઈકડનો લીલો પડવાશ કરવો
- કપાસનુ થાણીને વાવેતર કરવુ જે માટે હેકટરે ૧.૫ થી ૨.૦ કિલો બીયારણની જરૂર પડે છે.

<u>પિયત બીટી કપાસ</u>

- ગુજરાત ક્પાસ સંકર- ૬ (બીજી-૨) ગુજરાત ક્પાસ સંકર- ૮ (બીજી-૨) અથવા સરકારશ્રી દ્વારા માન્ય થયેલ બીટી જાતની પસંદગી કરવી.
- મે મહીનાના બીજા પખડવાડીયામાં આગોતરૂ વાવેતર કરવું, સંરક્ષણ પટ્ટી રૂપે બીટી કપાસના પેકેટ સાથે આપેલ નોન બીટી કપાસ/ તુવેર નુ ખેતરની ફરતે બે હારમાં વાવેતર કરવુ
- બે હાર વચ્ચે ૧૨૦ સેમી અને બે છોડ વચ્ચે ૪૫ સેમી અંતર રાખી થાણીને વાવેતર કરવું
- જરૂરીયાત મુજબ બે થી ત્રણ વખત નિંદામણ અને આંતર ખેડ કરવી
- નિંદણ નિયંત્રણ માટે પાક ઉગ્યા પહેલા પેંડીમીથાલિન ૩૦ ઇસી દવા ૩ લી./ હેક્ટરને ૬૦૦ લી. પાણીમા ભેળવીને છંટકાવ કરવો ત્યાર બાદ ૩૦ દિવસે આંતર ખેડ અને ૩૦ અને ૬૦ દિવસે હાથથી નિંદામણ કરવું અથવા વાવણી બાદ ૧૫ થી ૨૦ દિવસે ક્વિઝાલોફોપ પી ઈથાઈલ ૫ ઇસી ૧ લી./ હે ને પાણીમા ભેળવીને છંટકાવ કરવો અને એક વખત આંતર ખેડ અને હાથથી નિંદામણ કરવું.
- ૨૪૦-૪૦-૦૦ ના-ફો-પો. કીલો/ હે મુજબ રાસાયણીક ખાતર આપવું. નાઈટ્રોજનનો કુલ જથ્થો વાવણી પછી ૩૦, ૬૦, ૭૫, ૯૦ અને ૧૦૫ દિવસે સરખા હપ્તામાં આપવો. ઉપરાંત, ૩ % પોટેશોયમ નાઈટ્રેટનો કુલ ભમરી અવસ્થાએ, જીંડવા બેસવાની શરૂઆત થાય ત્યારે અને ત્યાર પછી ૧૫-૨૦ દિવસે છંટકાવ કરવો
- ૧૦ લિટર પાણીમાં ૧.૧૨૫ મીલી ૩૯ % ધરાવતી પ્રોડક્ટ (૪૫ પીપીએમ) પ્રમાણ રાખી ઈથિલિન ના દ્રાવણ નો ભમરી બેસવાનીઅવસ્થાએ એટલે કે ૩૫-૪૦ દિવસે છંટકાવ કરવો
- વાવણી પછી ૯૫ દિવસે છોડની ડુંખ તોડી અને ૧૦૫ દિવસે ફળાઉ ડાળીઓની ટોચ છેડા પરથી કાપવાથી ઉત્પાદનમા ફાયદો થાય છે.
- વરસાદ બંધ થયા પછી ભારે કાળી જમીનમાં ૨૦-૨૫ અને ગોરાડુ જમીનમાં ૧૫-૨૦ દિવસના આંતરે પિયત આપવું. પિયત એકાંતરે પાટલે આપવાથી અંદાજે ૩૦ % પાણીનો બચાવ થાય છે. શક્ય હોય તો ટપક પિયત પધ્ધતિનો ઉપયોગ કરવો.
- કપાસમાં આવતો સુકારો (પેરા વિલ્ટ) અટકાવવા માટે હલકી જમીનમાં જીંડવાના વિકાસની અવસ્થાએ જમીનમાં ભેજ જાળવી રાખવો.
- જમીનમાં પાણી ભરાઈ રહે તો તાત્કાલિક નિકાલ કરવો તથા મુળ વિસ્તારમાં હવાની અવરજવર વધે તે માટે લોખંડના સળીયાથી થડની આજુબાજુ કાણા કરવા અને ૨ % યુરીયાનુ દ્રાવણ આપવુ.
- કપાસમાં પાન લાલ થતા અટકાવવા ફુલ આવવાની અવસ્થાએ ૨% ડી એ પીના દ્રાવણ નો છંટકાવ કરવો તથા ફુલ આવવાની અવસ્થા થી જીંડવા વિકાસની અવસ્થા દરમ્યાન ૧% યુરીયા તથા ૧ % મેગ્નેશિયમ સલ્ફેટનું દ્રાવણ છાંટવું.<u>અથવા</u> વાવણી બાદ ૩૦, ૬૦ અને ૯૦ દિવસે ૦.૫% યુરીયા, ૦.૫ % ઝીંક સલ્ફેટ, ૦.૫ % ફેરસ સલ્ફેટ અને ૦.૫ % મેગ્નેશીયમ સલ્ફેટના દ્રાવણનો છંટકાવ કરવો.
- ચુસિયા પ્રકારની જીવાતોના નિયંત્રણ માટે ઈમીડાક્લોપ્રીડ ૨૦૦ એસએલ ૨૦ ગ્રામ સક્રીય તત્વ અથવા એસીટામીપ્રીડ ૨૦ એસપી ૧૦ ગ્રામ સક્રીય તત્વ અથવા થાયોમિથોક્ઝામ ૨૫ ડબલ્યુજી ૨૫ ગ્રામ સક્રીય તત્વ પ્રતિ હેક્ટર નો છંટકાવ કરવો
- મીલી બગના આગોતરા નિયંત્રણ માટે શેઢા પાળા સાફ રાખવા, કાંસકી, ગાડર, જંગલી ભીંડા, બરૂ વિગેરે નિંદામણોનો નાશ કરવો. મીલીબગ માટે દર અઠવાડીયે મોજણી કરતા રહેવું. મીલી બગનો ઉપદ્રવ જણાય તો શોષક પ્રકારની દવાઓ જેવી કે એસીટામીપ્રિડ (૨ ગ્રામ ) ક્લોરપાયરીફોસ (૨૫ મીલી), ઇમિડાક્લોપ્રીડ વે. ગ્રે.(૧ ગ્રામ), બુપ્રોફેમિન જેવી દવાઓ પૈકી કોઇપણ એક દવાનો ૧૦ લીટર પાણી સાથે છંટકાવ કરવો.
- ગુલાબી ઈયળની મોજણી માટે એક હેકટરે ૫ ફેરોમોન ટ્રેપ લગાડવા. સતત ત્રણ રાત્રી સુધી ફેરોમોન દીઠ આઠ નર કુદા પક્ડાય તો સાયપરમેથ્રીન ૧૦ ઇસી ૧૦ મીલી, બીટા સાયફ્લુથ્રીન ૨.૫ એસસી ૧૦ મીલી, ફેનવેલરેટર.૮ ઇસી ૧૦ મીલી અથવા સ્પીનોસેડ ૪૮ એસસી – ૩ મીલી પ્રમાણે ૧૦ લી. પાણીમા ભેળવી છંટ્કાવ કરવો.

<u>બિન પિયત બીટી કપાસ</u>

- ગુજરાત ક્પાસ સંકર- ૮ (બીજી-૨) અથવા સરકારશ્રી દ્વારા માન્ય થયેલ વહેલી પાકતી જાતની પસંદગી કરવી.
- વાવણી લાયક વરસાદ થયે જુન મહીનાના બીજા થી ત્રીજા અઠવાડીયા દરમ્યાન વાવેતર કરવું
- બે હાર વચ્ચે ૧૨૦ સેમી અને બે છોડ વચ્ચે ૪૫' સેમી અંતર રાખી થાણીને વાવેતર કરવું.
- કપાસનુ થાણીને વાવેતર કરવુ જે માટે હેકટરે ૧.૫ થી ૨.૦ કિલો બીયારણની જરૂર પડે છે.
- જરૂરીયાત મુજબ બે થી ત્રણ વખત નિંદામણ નિયંત્રણ અને આંતર ખેડ ચાલુ રાખવી કરવી
- નિંદણ નિયંત્રણ માટે પાક ઉગ્યા પહેલા પેંડીમીથાલિન ૩૦ ઇસી દવા ૩ લી./ હેક્ટરને ૬૦૦ લી. પાણીમા ભેળવીને છંટકાવ કરવો ત્યાર બાદ ૩૦ દિવસે આંતર ખેડ અને ૩૦ અને ૬૦ દિવસે હાથથી નિંદામણ કરવું અથવા વાવણી બાદ ૧૫ થી ૨૦ દિવસે ક્વિઝાલોફોપ પી ઈથાઈલ ૫ ઇસી ૧ લી./ હે ને પાણીમા ભેળવીને છંટકાવ કરવો અને એક વખત આંતર ખેડ અને હાથથી નિંદામણ કરવું.
- ઉત્તર ગુજરાતમાં ૮૦ નાઈટ્રોજન કીલો/ હે તથા બાકીના વિસ્તારમાં ૧૨૦-૦૦-૦૦ નાઈટ્રોજન કીલો/ હે મુજબ રાસાયણીક ખાતર આપવું. નાઈટ્રોજનનો કુલ જથ્થો વાવણી પછી ૩૦ અને ૬૦ દિવસે બે સરખા હપ્તામાં આપવો. ઉપરાંત, ૩ % પોટેશોયમ નાઈટ્રેટનો કુલ ભમરી અવસ્થાએ, જીંડવા બેસવાની શરૂઆત થાય ત્યારે અને ત્યાર પછી ૧૫-૨૦ દિવસે છંટકાવ કરવો.
- ૧૦ લિટર પાણીમાં ૧.૧૨૫ મીલી ૩૯ % ધરાવતી પ્રોડક્ટ (૪૫ પીપીએમ) પ્રમાણ રાખી ઈથિલિન ના દ્રાવણ નો ભમરી બેસવાનીઅવસ્થાએ એટલે કે ૩૫-૪૦ દિવસે છંટકાવ કરવો
- કપાસમાં આવતો સુકારો (પેરા વિલ્ટ) અટકાવવા માટે હલકી જમીનમાં જીંડવાના વિકાસની અવસ્થાએ જમીનમાં ભેજ જાળવી રાખવો. તે માટે મલ્ચિંગ કરવું.
- વધુ વરસાદના કારણે જમીનમાં પાણી ભરાઈ રહે તો તાત્કાલિક નિકાલ કરવો તથા મુળ વિસ્તારમાં હવાની અવરજવર વધે તે માટે લોખંડના સળીયાથી થડની આજુબાજુ કાણા કરવા અને ૨ % યુરીયાના દ્રાવણનું ડ્રેંચિંગ કરવું
- કપાસમાં પાન લાલ થતા અટકાવવા ફુલ આવવાની અવસ્થાએ ૨% ડી એ પીના દ્રાવણ નો છંટકાવ કરવો તથા ફુલ આવવાની અવસ્થા થી જીંડવા વિકાસની અવસ્થા દરમ્યાન ૧% યુરીયા તથા ૧ % મેગ્નેશિયમ સલ્ફેટનું દ્રાવણ છાંટવું.<u>અથવા</u> વાવણી બાદ ૩૦, ૬૦ અને ૯૦ દિવસે ૦.૫% યુરીયા, ૦.૫ % ઝીંક સલ્ફેટ, ૦.૫ % ફેરસ સલ્ફેટ અને ૦.૫ % મેગ્નેશીયમ સલ્ફેટના દ્રાવણનો છંટકાવ કરવો.
- ચુસિયા પ્રકારની જીવાતોના નિયંત્રણ માટે ઈમીડાક્લોપ્રીડ ૨૦૦ એસએલ ૨૦ ગ્રામ સક્રીય તત્વ અથવા એસીટામીપ્રીડ ૨૦ એસપી ૧૦ ગ્રામ સક્રીય તત્વ અથવા થાયોમિથોક્ઝામ ૨૫ ડબલ્યુજી ૨૫ ગ્રામ સક્રીય તત્વ પ્રતિ હેક્ટર નો છંટકાવ કરવો
- મીલી બગના આગોતરા નિયંત્રણ માટે શેઢા પાળા સાફ રાખવા, કાંસકી, ગાડર, જંગલી ભીંડા, બરૂ વિગેરે નિંદામણોનો નાશ કરવો. મીલીબગ માટે દર અઠવાડીયે મોજણી કરતા રહેવું. મીલી બગનો ઉપદ્રવ જણાય તો શોષક પ્રકારની દવાઓ જેવી કે એસીટામીપ્રિડ (૨ ગ્રામ ) ક્લોરપાયરીફોસ (૨૫ મીલી), ઇમિડાક્લોપ્રીડ વે. ગ્રે.(૧ ગ્રામ), બુપ્રોફેમિન જેવી દવાઓ પૈકી કોઇપણ એક દવાનો ૧૦ લીટર પાણી સાથે છંટકાવ કરવો.
- ગુલાબી ઈયળની મોજણી માટે એક હેકટરે ૫ ફેરોમોન ટ્રેપ લગાડવા. સતત ત્રણ રાત્રી સુધી ફેરોમોન દીઠ આઠ નર કુદા પક્ડાય તો સાયપરમેથ્રીન ૧૦ ઇસી ૧૦ મીલી, બીટા સાયફ્લુથ્રીન ૨.૫ એસસી ૧૦ મીલી, ફેનવેલરેટર.૮ ઇસી ૧૦ મીલી અથવા સ્પીનોસેડ ૪૮ એસસી – ૩ મીલી પ્રમાણે ૧૦ લી. પાણીમા ભેળવી છંટ્કાવ કરવો.

<u>આંતરપાક</u> : કપાસનુ વાવેતર પહોળા પાટલે કરવામાં આવતું હોવાથી બે ચાસ વચ્ચે વધુ જગ્યા રહે છે જેના લીધે નિંદામણનો ઉપદ્રવ વધુ રહે છે અને શરૂઆતમા કપાસનો વિકાસ પણ ધીમો હોય છેવહેલા પાકતા અને કપાસના છોડના વિકાસને અવરોધ ન કરે તેવા ટુંકા ગાળામાં તૈયાર થઈ શકે તેવા પાકને . અડદ જેવા પાકને આંતરપાક તરીકે લેવાથી એકલા ,મગ ,સોયાબીન ,તલ ,કપાસની બે હાર વચ્ચે મગફળી કપાસ કરતા વધુ નફો મળે છે.

## (૪)કપાસની સેન્દ્રિય ખેતી પધ્ધતિ

**જમીનની પસંદગી :**

સારા નીતારવાળી, મધ્યમ કાળી, બેસર, ગોરાડુ તથા સાધારણ રેતાળ જમીન વધુ અનુકૂળ આવે છે. કાળી જમીનમાં પણ કપાસ સારુ ઉત્પાદન આપે છે.

**જમીનની તૈયારી:**

પિયતની સગવડ હોય તો ઉનાળામાં શણ કે ઈકકડનો લીલો પડવાશ કરેલ હોય તો જમીનમાં ભેળવી દેવો તથા ચોમાસુ જયારે સામાન્ય હોય ત્યારે જમીનમાં ભેજ સંગ્રહ થાય તે માટે એક થી બે વાર ખેડ કરવી જરૂરી છે. એક–બે વર્ષના અંતરે હળ કે ટ્રેકટરથી ઉડી ખેડ કરવાથી બહુવર્ષાયુ નિંદામણનો નાશ થાય તેમજ જમીનમાં રહેલા જીવાતોના કોશેટા પણ નાશ પામે છે. જે ખેતરમાં પાણી ભરાઈ રહેતું હોય ત્યાં ઢાળીયા–પાળી બનાવી જમીન તૈયાર કરવી.

**વાવણી સમય:**

- વરસાદ શરૂ થયા પછી એટલે કે જુન મહિનાના બીજા થી ત્રીજા અઠવાડીયામાં
- જયાં પિયતની સગવડ હોય ત્યાં મે મહિનાના બીજા પખવાડીયામાં આગોતરૂ વાવેતર કરવું.

**બિયારણનો દર અને અંતર :**

- પિયત વિસ્તારમાં ૧૨૦ X ૪૫ સેમી તથા બીન પિયત વિસ્તારમાં ૯૦ X ૩૦ સેમી તથા વાગડ વિસ્તારમાં ૨૧૦ X ૩૦ સેમીનું અંતર રાખી હેકટર દીઠ ૭ થી ૮ કિલો બિયારણરનો દર રાખી જમીનમાં ભેજની ઉપલબ્ધતા મુજબ ૪–૬ સેમી ઉડાઈએ વાવેતર કરવુ.

**જાતની પસંદગી :** પિયતની સગવડતાના આધારે જાતોની પસંદગી

| | |
|---|---|
| પિયતની સગવડ હોય ત્યાં | ગુ.(ન) કપાસ–૨૫, ગુ. કપાસ– ૨૩, ગુ. (ન)કપાસ– ૨૨ તથા ગુ. કપાસ–૧૦ |
| વરસાદ આધારીત ખેતી માટે | ગુ.(ન) કપાસ–૨૫, ગુ. કપાસ– ૨૩, ગુ. કપાસ–૧૦,૧૬,૧૭ |

**બીજ માવજત:**

- જમીનમાં નાઈટ્રોજનના સ્થિરીકરણ માટે એક કિલોગ્રામ બિયારણ દીઠ ૩૦ ગ્રામ એઝોટોબેકટર કલ્ચરનો પટ આપવો.
- જીવાણુથી થતા બીજ જૈવીક નિયંત્રણ માટે *સ્યુડોમોનાસ ફ્લ્યુરોસેન્સ* સ્ટ્રેઈન–૧ નો ૧૦ ગ્રામ/૧ કી.ગ્રા. બીજમાં પટ આપવો અને ૨૦ ગ્રામ/ ૧૦ લી. પાણીમાં (૦.૨%) મિશ્રણ કરી ૩૦ દિવસના અંતરે ૩ વખત છંટકાવ કરવો.
- સુકારાની સમસ્યા માટે ટ્રાઈકોડરમાં વીરીડી % ૫ ગ્રામ પર પ્રતિ કિલો બીજ પ્રમાણે બીજ માવજત તેમજ ટ્રાઈકોડરમાં વીરીડી % ૨.૫ કિ ગ્રામ પ્રતિ હેકટરે ૧૦૦ કિ ગ્રામ છાણીયા ખાતર સાથે વાવણી સમયે આપવુ.

**ખાતરો:**

- પિયત વિસ્તાર માટે હેકટર દીઠ ૨૦ ટન તથા બીન પિયત વિસ્તાર માટે ૧૦ ટન છાણિયુ ખાતર અથવા કમ્પોસ્ટ અથવા ૨ ટન દિવેલીનો ખોળ નાખવો
- હેકટર દીઠ ૨ કિલો ગ્રામ એઝોટોબેકટરને૧૦૦ કિલો છાણિયા ખાતરમાં એનરીચ કરી જમીનમાં નાખવું

**પિયત:**

- છેલ્લા અસરકારક વરસાદ બાદ કાળી જમીનમાં ૨૦ થી ૨૫ દિવસના અંતરે તથા ગોરાડું જમીન માટે ૧૫ દિવસના આંતરે પિયત આપવું.
- પિયત પાણીની અછત હોય તો એકાંતરે ચાસે પાણી આપવું.

**આંતર ખેડ અને નિંદણ નિયંત્રણ :**

- કપાસનું વધુ ઉત્પાદન લેવા માટે તેની શરૂઆતની વૃધ્ધિના ૫૦ થી ૬૦ દિવસના ગાળામાં પાકને નિંદણથી મુકત રાખવો આવશયક છે. કપાસના પાકમાં જરુરીયાત મુજબ આંતર ખેડ તેમજ નિંદામણ કરતા રહેવું અને ખેતર ચોખ્ખું રાખવુ.
- ખેતરને ૬૦ દિવસ સુધી નિંદામણ મુકત રાખવું.

**આંતરપાક અને દ્વિપાક પધ્ધતિ:**

- વરસાદ આધારીત ખેતીમાં કપાસ સાથે મગફળી, અડદ, સોયાબીન અથવા મગ આંતર પાક તરીકે અને વરસાદ આધારીત દેશી કપાસની બે હાર વચ્ચે ૧૨૦ સે.મી. અંતર રાખી અડદની બે હાર વાવવાથી આર્થિક રીતે ફાયદાકારક રહે છે. સોયાબીન (ગુજરાત સોયાબીન–૨) અથવા અડદ (ઝંડેવાલ) અથવા મગ (ગુજરાત મગ–૨) પણ આંતરપાક તરીકે લઈ શકાય.

**જીવાત નિયંત્રણ**

- પ્રતિકારક જાતોની પસંદગી કરવી. લીમડાનો ખોળ (૨૫૦ કિલો/હે.) વાપરવાથી જીવાતોનો ઉપદ્રવ ઓછો રહે છે.
- કુદરતી સંરક્ષક પાકો તરીકે મકાઇ કે જુવારની છાંટ નાખી દાળિયાં અને લીલી પોપટી જેવા સંરક્ષકોની જાળવણી કરવી. દિવેલા પાકનો લશ્કરી ઇયળનાં પીંજર પાક તરીકે, હજારીમલ ગલગોટાનું લીલી ઈયળના પીંજર પાક તરીકે વાવેતર કરી શકાય. ખેતરમાં પક્ષીઓને બેસવા લાકડાનાં ટેકા મુકવા.
- શેઢાપાળા ઉપરનાં ગાડર/ કાંસકી/ જંગલી ભીંડા/ કોંગ્રેસ ઘાસ વિગેરે પ્રકારનાં નિંદામણોનો નાશ કરવો. ખરી પડેલ પાનોનો નિકાલ કરવો. સમૂહમાં કીટકને વીણીને, ઈંડાના સમુહ/ પ્રથમ અવસ્થાની લશ્કરી ઈયળોનો સમુહ તેમજ મીલીબગ અથવા કાબરી ઈયળથી ઉપદ્રવિત ડુંખ તોડીને બાળીને નાશ કરવો.
- પીળાં ચીકણાં ટ્રેપ (૨૦/ હે.) લગાડવાથી પુખ્ત સફેદ માખી અને થ્રીપ્સનાં ઉપદ્રવ ઘટાડી શકાય તેમજ પુખ્ત પાંખવાળા મોલોની પાકમાં શરુઆત અને સ્થાળાંતરની જાણકારી મેળવી. જીંડવા કોરી ખાનાર ઈયળોનો મોજણી માટે ફેરોમોન ટ્રેપ હેકટર દીઠ પાંચ પ્રમાણે લગાડવા અને પિજરમાં આવતા નર ફુદાંઓની સંખ્યા રોજ તપાસતા રહેવુ. નર ફુદાંઓની સંખ્યા વધતી જોવા મળે ખેતરમાં નુકશાનની તપાસ/ મોજણી કરવી.
- જૈવિક નિયંત્રણ માટે લીલી પોપટીના હેકટર દીઠ દસ હજાર ઈંડા અથવા ઈયળને બે–ત્રણ વખત છોડવા. (નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની જૈવીક પ્રયોગશાળામાં અગાઉથી જાણ કરી મેળવી શકાય.) ફેરોમોન ટ્રેપમાં સરેરાશ પાંચ નર ફુદાં પકડાવાની શરુઆત થયાના પાંચ દિવસ બાદ પાંચ થી સાત વખત ઈંડાની પરજીવી ભમરી, *ટ્રાયકોગ્રામેટોઈડી બેકટરી %*અથવા *ટ્રાયકોગ્રામા સ્પી.* ૧ થી ૧.૫ લાખ (પરજીવીકરણ પામેલ ઈંડાના ટ્રાયકોકાર્ડ) જેટલા પાન ઉપર નીચેની બાજુએ સ્ટેપ્લરની મદદથી ચોંટાડી જૈવિક નિયંત્રણ માટે વાપરી શકાય.
- સલામત લીમડા આધારિત (એઝાડીરેકટીંગ ૦.૧૫%– લીબોડીના મીજ આધારીત ઈસી) ૫ થી ૧૦ મીલી/ લિ. મુજબ અથવા કપાસના વાવેતરના ૩૦ દિવસ બાદ મીલીબગના ઉપદ્રવ શરૂ થયે લીંબોળીનું તેલ ૩૦–૫૦ મી.લી. + ૧૦ ગ્રામ અરીઠા પાવડર પાવડર પ્રતિ ૧૦ લીટર પાણીમાં ભેળવી ૮–૧૦ દિવસના અંતરે જરૂરીયાત મુજબ ૨–૩ છંટકાવ કરવા.
- સુક્ષ્મ જૈવિક નિયંત્રકો જેવા કે *વર્ટીસીલીયમ લેકેનાઈ, બ્રેવરીયા બાસીયાના, મેટારાઈઝમ એનોસોપલી* નામની ૫ ગ્રા. અથવા મી.લી./ લી. મુજબ પાકની શરુઆતની અવસ્થાએ વાતાવરણમાં ભેજ જળવાય ત્યારે છંટકાવ કરી શકાય. લીલી ઈયળ માટે વિષાણુયુકત જૈવિક પ્રવાહી HNPV @ 450 LE પ્રતિ હેકટરે સાંજના સમયે છંટકાવ કરવો. લશ્કરી ઈયળ માટે વિષાણુયુકત જૈવિક પ્રવાહી SNPV @ 250 LE પ્રતિ હેકટરે સાંજના સમયે છંટકાવ કરવો.
- ગૌમુત્ર/ છાણ આધારીત જીવામૃત અથવા નફ્ફટીયા, આંકડા, લસણના પાનોનો અર્કનું દ્રાવણ પણ છંટકાવ કરી શકાય.

## (૫) પ્રકાશન (Research Papers, Abstracts, Booklets, Souvenir, Folder, Popular Articles Published) :

| | |
|---|---|
| **Research Papers** | |
| 1 | Patel, R. K., Mehta, A. N., Patel, D. R., Patel, J. J. and Patel, R. R. (2012). Impact of sowing period and varieties on incidence of pod borers and grain yield in pigeonpea. *AGRES - An International e-Journal*, **1**(3): 321-327. |
| 2 | Patel, D. R., Purohit, M. S. and Patel, R. K. (2012). Occurrence of army worm, *Mythimna separata* walker on *kharif* sorghum. *AGRES - An International e-Journal*, **1**(3): 334-339. |
| 3 | Patel, D. R., Purohit, M. S. and Patel, R. K. (2012). Studies on parasites of stem borer, *Chilo partellus* on *kharif* sorghum. *AGRES - An International e-Journal*, **1**(4): 475-479. |
| 4 | Patel, M. L., Patel, R. K., Sheth, D. B. and Patel, P. R. (2016). Influence of abiotic factors on population dynamics of sucking insect pests in transgenic cotton. *Advances in Life Sciences*, **5**(5): 1871-1875. |
| **Research Abstracts** | |
| 1 | Patel, R. B., Patel, G. S., Patel, A. D., Patel, P. G. and Patel, U. G. (1996) Fertilizer management for cotton soybean inter cropping system. In: Compendium of abstracts, National Seminar on Century of Cotton in India, December, 1996 at Main Cotton Research Station, NAU, Surat. p. A-11. |
| 2 | Patel, A. D., Patel, U. G., Patel, J. C. and Patel, N. N. (1996). Correlation and path analysis in (*G. herbaceum*) cotton. In: Compendium of abstracts, National Seminar on Century of Cotton in India, December, 1996 at Main Cotton Research Station, NAU, Surat. p. B-20. |
| 3 | Patel, J. C., Pavasia, M. J., Patel, G. S., Patel, K. G. and Patel, A. D. (2005). Varieties and hybrids of cotton for all needs of Gujarat. In: Workshop on Enhancement of Cotton Production and Quality held on November 12, 2005 at MCRS, Surat, Compendium of Papers p. 57. |
| 4 | Patel, M. L., Khandelwal, M. K. and Patel, V. I. (2009). Agromet based advise to farmers of Bharuch District (Gujarat). In: 4th National Seminar on Agrometeorology-Needs, Approaches and Linkages for Rural Development at CCS HAU, Hissar. |
| 5 | Valia, R. Z., Patil, V. K., Kapadia, P. K. and Patel, R. K. (2010). Character association and path coefficient studies in coconut (*Cocos nucifera* L.). In: International Conference on Coconut Biodiversity for Prosperity on October 25-28, 2010 at Central Plantation Crops Research Institute, Kasaragod, Kerala, Abstracts, p.38-39. |
| 6 | Valia, R. Z., Patil, V. K., Kapadia, P. K. and Patel, R. K. (2010). Yield physioogical and nutritional status as influenced by soil salinity of coconut (*Cocos nucifera* L.). In: International Conference on Coconut Biodiversity for Prosperity on October 25-28, 2010 at Central Plantation Crops Research Institute, Kasaragod, Kerala, Abstracts, p.96. |
| 7 | Vadadaria, K. V., Patel, M. L., and Patel, V. I. (2010). Screening of cotton hybrids varieties to study for organic farming under rainfed condition. In Organic Farming for Environment Safety and Agriculture Sustainability at Navsari |
| 8 | Patel, M. L., Patel, P. R. and Patel, V. I. (2010). Effect of plant distance and nitrogen level on seed cotton yield of newly release cotton variety G.N.Cot-25." In: National Convention on India Cotton: Gearing up for global leadership held on January 6-8, 2013 at MCRS, Surat, Compendium of Abstracts CP. 8. |
| 9 | Patel, M. L., Sheth, D. B. and Patel, V. I. (2011). Influence of abiotic factors on population |

| | |
|---|---|
| | dynamics of transgenic cotton pests." In Diseasing Forecasting and Prevention Through Biotech Intervention at Tripura during 8-9, June |
| 10 | Patel, V. I., Patel, A. D., Patel, A. I. and Patel, H. N. (2013). Studies of heterosis and combining ability in interspecific diploid cotton for yield and fiber quality characters. In: Compendium of abstracts, National Seminar on "Technology For Development and Production of Rainfed Cotton " & "Farmers Day", October 24-25, 2013 at Regional Cotton Research Station, NAU, Bharuch. Session: p.14. |
| 11 | Patel, H. N., Patel, A. I. And Patel, A. D. (2013). Heterosis and Combining Ability Studies for Yield and Fiber Quality in Upland Cotton (*G. hisutum* L.) In: Compendium of abstracts, National Seminar on "Technology For Development and Production of Rainfed Cotton " & "Farmers Day", October 24-25, 2013 at Regional Cotton Research Station, NAU, Bharuch. Session: Plant Protection: p.13. |
| 12 | Patel, A. D., Patel, V. I., Patel, A. I. and Patel, H. N. (2013). Heterosis and combining ability studies for yield quality charcters in intra specific deshi cotton (*G. herbaceum*) In: Compendium of abstracts, National Seminar on "Technology For Development and Production of Rainfed Cotton " & "Farmers Day", October 24-25, 2013 at Regional Cotton Research Station, NAU, Bharuch. Session: Plant Protection. |
| 13 | Patel, A. D., Patel, U. G. and Kumar, V. (2013). Genotype-Environment Interaction for Yield and other Fiber Quality Rtaits in Upland Cotton (*G. hirsutum*) In: National Convention on India Cotton: Gearing up for global leadership held on January 6-8, 2013 at MCRS, Surat, Compendium of Abstracts p. 28. |
| 14 | Patel, R. K., Patel, R. L. Sheth, D. B., Patel, M. L., Vadodariya, K. V., and Patel, V. I. (2013). Population dynamics of sucking pests, bollworms and predators in cotton variety G. Cot.-23 under rainfed condition at Bharuch. In: National Convention on India Cotton: Gearing up for global leadership held on January 6-8, 2013 at MCRS, Surat, Compendium of Abstracts P. 83-84. |
| 15 | Patel, M. L., Sheth, D. B., Patel, R. K. and Patel, V. I. (2013). Influence of abiotic factors on population dynamics of transgenic cotton pests. In: National Convention on India Cotton: Gearing up for global leadership held on January 6-8, 2013 at MCRS, Surat, Compendium of Abstracts P. 84. |
| 16 | Sheth, D. B., Patel, A. T., Patel, R. K., Patel, C. J., Desai, H. R. and Kumar, V. (2013). Implementation of Insecticide Resistant Management (IRM) programme on Bt Cotton under Bharuch District of South Gujarat. In: National Convention on India Cotton: Gearing up for global leadership held on January 6-8, 2013 at MCRS, Surat, Compendium of Abstracts P. 103. |
| 17 | Patel, R K., Patel, J. J., Patel, M. L. and Patel, V. I. (2013). Screening of different *Gossypium hirsutum* entries to pest complex of cotton. In: Compendium of abstracts, National Seminar on "Technology For Development and Production of Rainfed Cotton " & "Farmers Day", October 24-25, 2013 at Regional Cotton Research Station, NAU, Bharuch. Session: Plant Protection: p.59-60. |
| 18 | Sheth, D. B., Patel, R. L., Patel, R K. and Patel, V. I. (2013). Screening of cotton genotypes against *Fusarium* wilt. In: Compendium of abstracts, National Seminar on "Technology For Development and Production of Rainfed Cotton " & "Farmers Day", October 24-25, 2013 at Regional Cotton Research Station, NAU, Bharuch. Session: Plant Protection: p.64. |

| | |
|---|---|
| 19 | Desai, H. R., Solanki, B. G., Patel, R. K., Vekariya, R. K., Naik, C. B., Dhara Jothi, B. and Kranthi, S. (2015). Pink bollworm, a serious threat to cotton cultivation in Gujarat. In: National Symposium on "Future Technologies: Indian Cotton in the Next Decade" held on 17-19th December, 2015 at ANGRAU, RARS, Lam, Guntur, Book of Abstracts, No.3.16, pp.75. |
| 20 | Patel, R. D., Bhanderi, G. R., Patel, R. K., Desai, H. R. And Solanki, B. G. (2016). Cotton entomology. In: "Cotton Research in Gujarat" produced under AICRP on Cotton (CICR), released during Annual Group Meeting held on 7-9th April, 2016 at MCRS, NAU, Surat, University Publication No.88/2015-16, pp.44-67. |
| **Booklets, Souvenir** | |
| 1 | Patel, V. I., Patel, A. D., Patel, M. L., Patel, R. K. and Sheth D. B. (2013). "Kapas Samrnika" (Gujarati). In: National Seminar on "Technology For Development and Production of Rainfed Cotton" & "Farmers Day", October 24-25, 2013 at Regional Cotton Research Station, NAU, Maktampur, Bharuch. |
| 2 | Patel, V. I., Patel, A. D., Patel, M. L., Patel, R. K., Patel, N. N. and Vadodariya, K. V. (2013). "History and highlights of rainfed cotton research". In: National Seminar on "Technology For Development and Production of Rainfed Cotton" & "Farmers Day", October 24-25, 2013 at Regional Cotton Research Station, NAU, Maktampur, Bharuch. |
| 3 | Kumar, V., Patel, V. I., Patel, N. N., Patel, M. L., Desai, H. R., Patel, R. K. and Patel, A. D. (2013). Souvenir, In: National Seminar on "Technology For Development and Production of Rainfed Cotton" & "Farmers Day", October 24-25, 2013 at Regional Cotton Research Station, NAU, Maktampur, Bharuch. |
| **Folder, Popular Articles** | |
| 1 | Patel, R. D., Bhanderi, G. R., Patel, R. K., Desai, H. R. And Solanki, B. G. (2016). Integrated Management of Pink bollworm in Bt cotton. Main Cotton Research Station, NAU, Surat, University Publication No.89/2015-16. |

## (૬) બહાર પાડવામાં આવેલ વર્ષવાર ભલામણોની વિગત

<u>પાક સંવર્ધનઃ-</u> બહાર પાડવામાં આવે જાતોઃ-

| અ.નં. | પાકનુ નામ અને જાત | બહાર પાડેલ વર્ષ | ઉત્પાદન કિ.ગ્રા./હે | મુખ્ય લક્ષણો |
|---|---|---|---|---|
| ૧ | બી.ડી.૮ | ૧૯૩૬ | ૮૫૦ | ---- |
| ૨ | વિજય | ૧૯૪૩ | ૯૦૦ | વધારે ઉત્પાદન રૂ ની ઉચી ટકાવારી અને સારી ગુણવત્તા |
| ૩ | દિગ્વીજય | ૧૯૫૬ | ૯૪૦ | રૂની ઉત્તમ ગુણવત્તા ધરાવતી પરંતુ મોડી પાકતી જાત |
| ૪ | ગુ.કપાસ - ૧૧ | ૧૯૭૯ | ૧૦૦૦ | વધારે ઉત્પાદન આપતી અને વહેલી પાકતી જાત |
| ૫ | ગુ.કપાસ - ૧૭ | ૧૯૯૫ | ૧૨૮૩ | વધારે ઉત્પાદન આપતી અને વહેલી પાકતી ઉચી રૂ ની ટકાવારી ધરાવતી અને સુકારા રોગ સામે પ્રતિકારક શકિત |
| ૬ | ગુ.કપાસ - ૧૬ | ૧૯૯૫ | ૧૯૦૦ | ગુ.કપાસ -૧૦ કરતા વધુ ઉત્પાદન આપતી જાત, જીડંવાનું કદ મોટું |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | ગુ.કપાસ - ૨૩ | ૨૦૦૦ | ૧૩૦૦ | દિગ્વીજય અને ગુ.કપાસ -૧૭ કરતાં વધારે ઉત્પાદન આપતી બન્ને જાતો કરતાં વહેલી પાકતી. ઉભી વૃધ્ધિમાં થતી મોટાં જીંડવા ધરાવતી અને ઉંચી રૂ ની ટકાવારી ધરાવતી જાત |
| ૮ | ગુ.એન. કપાસ -૨૫ | ૨૦૧૦ | ૧૫૦૦ | અન્ય દેશી કપાસની જાતોની સરખામણીમાં જીડંવાનું કદ મોટું અને બહુમતિ જીંવડા ચાર પેશીવાળા, વધુ ઉત્પાદન આપતી જાત, રોગ-જીવાત સામે પ્રતિકારક અને પાણીની ખેંચ સામે ટકાઉ જાત |
| ૯ | ગુ.એન. કપાસ -૨૬ | ૨૦૧૭ | ૧૬૪૦ | કપાસની આશાસ્પદ સ્થાયી જાત જીબીએચવી ૧૭૦ કપાસનું ઉત્પાદન બિનપિયત પરિસ્થિતિમાં પ્રતિ હેકટરે ૧૬૪૦ કિગ્રા મળેલ હતું જે નિયંત્રિત કપાસની જાતો ગુ.કપાસ.૧૬ અને એનએચ ૬૧૫ કરતા અને અનુક્રમે ૨૨.૪ અને ૪૦.૨ ટકા વધુ હતું. જીબીએચવી ૧૭૦ સુકારા અને અલ્ટરનેરીયા લીફ સ્પોટ સામે રોગ મુકત માલુમ પડેલ હતી જયારે બેકટેરિયલ લીફ બ્લાઈટ રોગ સામે પ્રતિકારક માલુમ પડેલ હતી. આ સ્થાયી જાતમાં ચુસિયા પ્રકારની જીવાતો અને જીંડવાની ઈયળોનું સંક્રમણ પણ ઓછું નોંધાયેલ હતું તેથી જીબીએચવી ૧૭૦ ને દક્ષિણ ગુજરાતના બિનપિયત વિસ્તારમાં ગુન.કપાસ–૨૬ તરીકે વાવેતર માટે ભલામણ કરવામાં આવે છે. |
| ૧૦ | ગુ.એન. કપાસ -૨૯ | ૨૦૧૭ | ૧૬૩૦ | દેશી કપાસની સ્થાયી જાત જીબીએવી ૧૦૬ નું બિનપિયત પરિસ્થિતિમાં પ્રતિ હેકટરે ૧૪૯૩ કિગ્રા કપાસનું ઉત્પાદન મળેલ હતુ કે જે નિયંત્રિત કપાસની જાત ગુ.કપાસ.–૧૯ કરતા ૧૬.૨ ટકા વધુ હતુ. આ જાત સુકારા, અલ્ટરનેરીયા લીફ સ્પોટ અને બેકટેરિયલ લીફ બ્લાઈટ સામે રોગ મુકત માલુમ પડેલ હતી. આ સ્થાયી જાતમાં ચુસિયા પ્રકારની જીવાતો ક્ષમ્ય માત્રા કરતા ઓછી નોંધાયેલ હતી તેથી આ જાત જીબીએવી ૧૦૬ ને દક્ષિણ ગુજરાતના બિનપિયત વિસ્તારમાં ગુન.કપાસ–૨૯ તરીકે વાવેતર માટે ભલામણ કરવામાં આવે છે. |

## સસ્ય વિજ્ઞાનની ભલામણ :-

**(૧)ગુ.ક.-૧૧ કપાસમાં અંતર ને ખાતરની ભલામણ: (૮૩-૮૪)**

ગુ.ક.-૧૧માં વધુ ઉત્પાદન અને વધુ નફાકારક પાક માટે પાકને ૪૦ કી.ગ્રા. નાઇટ્રોજન/હે તથા ૯૦ × ૩૦ સે.મી અંતરે પાક વાવવાની ભલામણ છે.વધુમાં ૫૦% નાઇટ્રોજન પાયામાં અને બાકીનો નાઇટ્રોજન એક થી દોઢ માસનો કપાસ થાય ત્યારે આપવો.ફોસ્ફરસ આપવો હીતાવહ નથી

**(૨)ગુ.કપાસ સંકર -૬ કપાસમાં ખાતર અને અંતરની ભલામણ (૮૩-૮૪)**

ભરૂચ વિસ્તારમાં ગુ.કપાસ સંકર -૬ માં ઉત્પાદન અને ચોખ્ખો નફો વધારવા માટે પાકને ૧૨૦ કિ.ગ્રા. નાઇટ્રોજન/હે ખાતર આપી ૯૦ × ૩૦ સે.મી ના અંતરે વાવણી કરવાની ભલામણ છે.વધુમાં ૫૦% નાઇટ્રોજન પાયામાં અને બાકીનો નાઇટ્રોજન એક થી દોઢ માસનો કપાસ થાય ત્યારે આપવો.

**(૩) કપાસમાં આંતરપાકની ભલામણ:- (૮૫-૮૬)**

દક્ષિણ ગુજરાત ઝોન-૨ કપાસ વાવતા ખેડૂતોને ગુ.કપાસ-૧૧ કપાસ અથવા તુવેર બી.ડી.એન.-૨ ૧૨૦ સે.મી.ના અંતરે વાવણી કરી બે ચાસમાં ૩૦ સે.મી ના અંતરે અડદની બે લાઇનની ભલામણ કરવામાં આવે છે.

**(૪)ગુ.દેશી કપાસ સંકર-૭ ની ખાતર અને અંતરની ભલામણ: (૮૬-૮૭)**

ભરૂચ વિસ્તારમાં ગુ દેશી સંકર-૭ વધું ઉત્પાદન અને વધુ આવક મેળવવા માટે પાકને ૯૦ × ૬૦ સે.મી અંતરે વાવણી કરી ૧૨૦ કિ.ગ્રા. નાઇટ્રોજન/હે બે સરખે હપ્તે આપવાની ભલામણ છે.વધુમાં ૫૦% નાઇટ્રોજન પાયામાં અને બાકીનો નાઇટ્રોજન એક થી દોઢ માસનો કપાસ થાય ત્યારે આપવો.

**(૫) કપાસના પાકમાં સોયાબીનના આંતરપાક ની ભલામણ: (૯૦-૯૧)**

દક્ષિણ ગુજરાત ઝોન-૨ કપાસ પાક વધુ નફાકારક બનાવવા માટે ગુ.ક.-૧૧ પાકમાં આંતર પાક તરીકે સોયાબીન અને ખાતર તરીકે નાઇટ્રોજન ભલામણ કરેલ (૮૦ કિ.ગ્રા નાઇટ્રોજન/હે) અને સોયાબીન પાકને ૧૦ કિ.ગ્રા.નાઇટ્રોજન/હે અને ૨૦ કિ.ગ્રા.ફોસ્ફરસ/હે અથવા કપાસ પાકને ૪૦ કિ.ગ્રા નાઇટ્રોજન/હે અને સોયાબીનના પાકને ૨૦કિ.ગ્રા. નાઇટ્રોજન/હે અને ૪૦ કિ.ગ્રા. ફોસ્ફરસ/હે ભલામણ છે.

| |
|---|
| (૬)ગુ.-૧૬ કપાસમાં ખાતર અને અંતરની ભલામણ (૯૪-૯૫)<br>દક્ષિણ ગુજરાત ઝોન-૨માં બિનપિયત પરિસ્થિતીમાં કપાસ ગુ.ક-૧૬ પાકને ૯૦ × ૩૦ સે.મી. ના અંતરે વાવણી કરી ૮૦ કિ.ગ્રા નાઇટ્રોજન/હે આપવાની ભલામણ છે. |
| (૭)ગુ.દેશી કપાસ-૯માં ખાતર અને અંતરની ભલામણ (૯૪-૯૫)<br>દક્ષિણ ગુજરાત ઝોન-૨માં બિનપિયત પરિસ્થિતીમાં કપાસ ગુ.કપાસ દેશી-૯ પાકને ૧૨૦ × ૬૦ સે.મી. ના અંતરે વાવણી કરી ૮૦ કિ.ગ્રા નાઇટ્રોજન/હે આપવાથી કપાસનું વધુ ઉત્પાદન મેળવી શકાય છે. |
| (૮)જમીન ઉપર આવરણની ભલામણ:- (૯૫-૯૬)<br>દક્ષિણ ગુજરાત ઝોન-૨ના ખેત આબોહવા વિભાગ -૨ ના કપાસ ઉગાડતા ખેડૂતોને "મોલ્ડ બોર્ડ પ્લાઉ" ની એક ખેડ કરી જમીન તૈયાર કરવાની સાથે બે આંતરખેડ ચોમાસા દરમ્યાન અને બે આંતરખેડ વરસાદ ગયા બાદ કરી જમીન આવરણ કરવાની ભલામણ છે. જેથી ઉત્પાદનમાં ૩૪% અને આવકમાં ૪૩% વધારો થાય છે. આમ છતાં પણ પ્લાસ્ટીક દ્વારા મલ્ચીગ કરવાથી ઉત્પાદનમાં ૫૦% વધારો થાય છે. પણ પ્લાસ્ટીક મલ્ચીગની કિંમત વધુ હોવાથી ફકત ૨૩%નો જ વધારો જોવા મળે છે. |
| (૯)કપાસમાં કપાસ _સોયાબીન આંતર પાક પધ્ધતિ માટે ખાતરની ભલામણ (૯૬-૯૭)<br>દક્ષિણ ગુજરાત ઝોન-૨ માટે કપાસ _સોયાબીન આંતર પાક પધ્ધતિમાં પાકને ૬૪ કિ.ગ્રા. નાઇટ્રોજન/હે અને સોયાબીન પાકને ૧૦ કિ.ગ્રા. નાઇટ્રોજન/હે અને ૨૦ કિ.ગ્રા. ફોસ્ફરસ /હે આપવાની ભલામણ છે. |
| (૧૦) જીવંત આવરણની ભલામણ:- (૯૬-૯૭)<br>કપાસના (૯૦ X ૩૦) પાકમાં વચ્ચે ૩૦ સે.મી. ના અંતરે અડદનું વાવેતર કરી તેનું આવરણ કરવાનું હિતાવહ છે. |
| (૧૧) ગુ.ક.-૧૭ કપાસમાં અંતર ને ખાતરની ભલામણ: (૯૭-૯૮)<br>દક્ષિણ ગુજરાત ઝોન-૨માં બિનપિયત કપાસ વાવતા ખેડૂતોને ગુ-કપાસ-૧૭ જાતની વાવણી ૧૨૦ ×૪૫ સે.મી. ના અંતરે ૮૦ કિ.ગ્રા. નાઇટ્રોજન આપવાની ભલામણ છે ફેસ્ફરસ આપવો ફાયદાકારક નથી. |
| (૧૨) ગુ.સંકર -૧૦ કપાસમાં ખાતર અને અંતરની ભલામણ (૯૭-૯૮)<br>ગુ.કપાસ સંકર-૧૦ને બિન પિયત પરિસ્થિતીમાં વાવણી કરવા માટે ૧૨૦ × ૩૦ સે.મી. નું અંતર અને ૧૨૦ કિ.ગ્રા. નાઇટ્રોજન આપવાની ભલામણ છે. ફોસ્ફરસ આપવો હિતાવહ નથી. |
| (૧૩) સેન્દ્રીય કપાસ એની ભલામણો.(૨૦૦૦-૦૧)<br>દક્ષિણ ગુજરાત ઝોન-૧મા કપાસ ઉાડતા ખેડૂતોને સેન્દ્રીય કપાસની ખેતી માટે ગુ.ક.સંકર-૮ કપાસની જાતમાં ફકત ૨ ટન /હે દિવેલીનો ખોળ , જયારે ગુ.ક.-૧૬ માટે ૨ ટન દિવેળીખોળ /હે અને ૨.૫ કિ.ગ્રા એઝેટોબેકટર/હે જમીનમાં ભેળવીને આપવો. ગુ.ક.-૧૭ માટે ૨ ટન દિવેળીખોળ/હે અને દેશી સંકર કપાસ-૯ માટે ૨ ટન દિવેળીખોળ/હે આપવવાથી મહત્મ ઉત્પાદન મેળવી શકાય છે. |
| (૧૪)ગુ.સંકર કપાસ-૧૦માં ખાતરની અસર:- (૨૦૦૦-૦૧)<br>બિનપિયત ખેતી પધ્ધતિમાં કપાસ ગુ.કપાસ સંકર-૧૦માં ફોસ્ફરસ અને પોટાશ આપવો હિતાવહ નથી. |
| (૧૫)ગુ.ક.-૨૩ માં ખાતર અને અંતરની ભલામણ: (૨૦૦૩)<br>દક્ષિણ ગુજરાત ઝોન-૨માં બિનપિયત વિસ્તારમાં કપાસ યાડતા ખેડૂતોને વધુમાં વધુ નફો મેળવવા માટે આથી ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત કપાસ -૨૩ ની ૧૨૦ × ૯૦ સે.મી.ના અંતરે વાવણી કરી હેકટર દીઠ ૮૦ કિ.ગ્રા. નાઇટ્રોજન આપવો. ફોસ્ફરસ આપવું ફાયદાકારક નથી. |
| (૧૬)એમડીએચ-૧૧ માં ખાતર ની ભલામણ: (૨૦૦૫)<br>દક્ષિણ ગુજરાત ઝોન-૨માં બીનપિયત વિસ્તારમાં પ્રથમ નર વંધ્ય દેશી સંકર કપાસ ગુજરાત કપાસ એમડીએચ-૧૧) ઉગાડતા ખેડુતોને આથી ભલામણ કરવામાં આવે છે કે ગુ.ક.એમડીએચ-૧૧ને હેકટર દીઠ ૮૦ કિલો નાઇટ્રોજન આપવો. |
| (૧૭) ગુ.ક.હાઇબ્રીડ-૧૨ માં ખાતર અને અંતરની ભલામણ: (૨૦૦૭)<br>દક્ષિણ ગુજરાત ઝોન-૨ નાં બીનપિયત વિસ્તારમાં કપાસ ઉગાડતા ખેડૂતોને આથી ભલામણ કરવામાં આવે છે કે નવો હાઇબ્રીડ, ગુજરાત કપાસ સંકર-૧૨ ને બે હાર વચ્ચેં ૧૨૦ સે.મી અને બે છોડ વચ્ચે ૬૦ સે.મી ના અંતરે વાવેતર કરી હેકટર દીઠ ૮૦ કિ.ગ્રા.નાઇટ્રોજન બે થી ત્રણ સરખા ભાગમા જમીનમા જરુરી ભેજ હોય ત્યારે આપવો |
| (૧૮)ગુ.ક.હાઇબ્રીડ-૧૨ માં ખેડ અને જમીન વ્યવસ્થાપન ની ભલામણ: (૨૦૦૯)<br>દક્ષિણ ગુજરાતના ઝોન૨-ના બિન પિયત કપાસ (ગુ૧૨-કપાસ સંકર,) ઉગાડતા ખેડૂતોને કપાસના પાક માંથી વધુ ઉત્પાદન અને વધુ વળતર મેળવવ માટે જમીનને ઉનાળામાં ૨૦ સેમી ઉંડી ખેડી, નીક અને પાળા |

બનાવી કપાસનુ વાવેતર કરવાની ભલામણ છે.

(૧૯) ગુ. (એન) કપાસ. -૨૫ માં માં ખાતર અને અંતરની ભલામણ: (૨૦૧૨)

દક્ષિણ ગુજરાત એગ્રોકલાઈમેટ ઝોન–૨ વિસ્તારમાં બિન પિયત કપાસ (ગુ.એન. કપાસ–૨૫) ઉગાડતા ખેડુતોને ભલામણ કરવામાં આવે છે કે, કપાસનું વાવેતર બે હાર વચ્ચે ૧૨૦ સેમી અને બે છોડ વચ્ચે ૪૫ સેમીના અંતરે કરી પ્રતિ હેકટરે ૮૦ કીલો નાઈટ્રોજન આપવાથી કપાસનું વધુ ઉત્પાદન અને આર્થિક રીતે વધારે નફો મળે છે. ૫૦% નાઈટ્રોજન વાવણી વખતે અને ૫૦% વાવેતર પછી ૧ થી૧ .૫ મહિને આપવો.

(૨૦) ગુ. (એન) કપાસ. -૨૬ માં માં ખાતર અને અંતરની ભલામણ: (૨૦૧૭)

દક્ષિણ ગુજરાત ખેત આબોહવાકીય વિસ્તાર -2 માં બિન પિયત વિસ્તારમાં અમેરિકન કપાસ ગુ.ન.કપાસ - 26 વાવતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે કપાસનું વધુ ઉત્પાદન અને ચોખ્ખો નફો મેળવવા માટે કપાસનું વાવેતર બે હાર વચ્ચે 120 સેમી અને બે છોડ વચ્ચે 45 સેમી ના અંતરે કરી પ્રતી હેક્ટરે 150 કિલો નાઇટ્રોજન આપવો. નાઇટ્રોજન તત્વ બે સરખા હપ્તામાં એટલેકે 50 ટકા જથ્થો વાવણી વખતે અને 50 ટકા જથ્થો વાવેતર પછી 30 થી 40 દિવસે આપવો.

## પાક સંરક્ષણની ભલામણ :-

(૧) કપાસની જીંડવાની ઇયળોનુ. સંકલિત જીવાત નિયંત્રણ-ગુ.કપાસ-સંકર-૮(બિનપિયત):- (૧૯૯૯-૨000)

૧. મિથાઇલ-ઓ-ડિમેટોન ૨૫ ઇ.સી.૦.૦૩%ના દરે શરૂઆતના(૪૦દિવસે) પાક વિકાસ વખતે છંટકાવ કરવો.

૨. ક્રાયસોપાની બે થી ત્રણ દિવસની ઈયળ ૧૦,૦૦૦ હેકટરે જીવાતની શરૂઆત થાય ત્યારથી અથવાડીયાના અંતરે બે વાર છોડવા.

૩. ટ્રાયકોગામા ચીલોનીસ પરજીવી ૨.૫ લાખ /હેકટરે ૪૫ થી ૧૧૦ દિવસે જીવાતની શરૂઆત થાય ત્યારથી અથવાડીયાના અંતરે ત્રણ વખત છોડવા.

૪. લીલી ઇયળ માટે એચ.એન.પી.વી. ૪૫૦ એલ.ઇ અને લશ્કરી ઇયળ માટે એસ.એન.પી.વી. ૨૫૦ એલ.ઇ.નો જીવાતનું પ્રમાણ વધારે હોય ત્યારે છંટકાવ કરવો.

૫. લીમડા આધારિત બનાવટની જંતુનાશકનો ૨.૫ લીટર/હે. છંટકાવ કરવો.

૬. જરૂરિયાત પ્રમાણે કવીનાલફોસ ૨૦ ઇ.સી. ૨.૫ લીટર /હેકટર અથવા ફેનવાલરેટ ૨૦ ઈ.સી.૫૦૦ મીલી/હેકટરેનો વારાફરતી છંટકાવ કરવો.

૭. નુકશાન પામેલ ભમરી, લીલા જીંડા, કાલા , ઈંડાનો સમૂહ અને પુખ્ત ઇયળો વીણીને તેનો નાશ કરવો.

(૨) જીંડવાની ઇયળઓના અસરકારક નિયંત્રણમાટે ગુ.કપાસ સંકર-૧૦ દક્ષિણ ગુજરાતના બિનપિયત ખેતી વિસ્તારમાં ભલામણ કરેલ જંતુનાશકોનો ઉપયોગ ૫% આર્થિક ક્ષમ્યમાત્રા વટાવે પ્રમાણે કરવો. (આઇ.સી.બી.આર.૧:૩:૩૮) (૧૯૯૯-૨૦૦૦)

પ્રો એ.આર.પટેલ
ઈ/ચા સહ સંશોધન વૈજ્ઞાનિક( કૃષિ વન )
પ્રાદેશિક કપાસ સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
મકતમપુર, ભરૂચ–૩૯૨ ૦૧૨
ફોન નંબર :– ૦૨૬૪૨ ૨૪૫૨૫૩
મો. ૯૭૨૫૦ ૦૧૫૦૬

## (૭) હયાત મકાનોની વિગત

| હયાત મકાનો | |
|---|---|
| ૧. ઓફીસ | ૧ |
| ૨. સ્ટોર | ૩ |
| ૩. જીનીન રૂમ | ૧ |
| ૪. ફોડર શેડ | ૧ |
| ૫. કેટક શેડ | ૧ |
| ૬. વ્હીકલ શેડ | ૨ |
| ૭. સાધનોનો શેડ | ૧ |
| ૮. સ્ટાફ કવાટર | ૫૨ |
| ૯. જુના મકાનો | ૨ |
| ૧૦. હવામાન વેધશાળા | ૧ |

પ્રો એ.આર.પટેલ
ઈ/ચા સહ સંશોધન વૈજ્ઞાનિક( કૃષિ વન )
પ્રાદેશિક કપાસ સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
મકતમપુર, ભરૂચ–૩૯૨ ૦૧૨
ફોન નંબર :– ૦૨૬૪૨ ૨૪૫૨૫૩
મો. ૯૭૨૫૦ ૦૧૫૦૬

## એનેક્ષર–એ

(સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૧/૦૫/૨૦૦૯ ના પરિપત્ર ક્રમાંકઃ પીએડી–૧૦–૨૦૦૭–૩૩૫૩૬૪–આરટીઆઈ સેલનુ બિડાણ)

**પ્રમાણપત્ર**

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે માહિતી અધિકારીની કલમ–૪ અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો "પ્રોએકિટવ ડિસ્કલોજર" (P.A.D.) મારા વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે અને તા. **૦૧/૦૫/૨૦૧૮** ની સ્થિતિએ વડી કચેરીની મંજુરી મેળવી અધતન કરવામાં આવેલ છે.

તા.૩૦/૦૫/૨૦૧૮

(એ.આર.પટેલ)
ઈ/ચા.સહ સંશોધન વૈજ્ઞાનિક
પ્રાદેશિક કપાસ સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
મકતમપુર,ભરૂચ–૩૯૨૦૧૨
ફો.નં.(૦૨૬૪૨)૨૪૫૨૫૩
Email:-rcrs@nau.in

## એનેક્ષર–બી

(સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૧/૦૫/૨૦૦૯ ના પરિપત્ર ક્રમાંકઃ પીએડી–૧૦–૨૦૦૭–૩૩૫૩૬૪–આરટીઆઈ સેલનુ બિડાણ)

**પ્રમાણપત્ર**

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે માહિતી અધિકારીની કલમ–૪ અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો "પ્રોએકિટવ ડિસ્કલોજર" (P.A.D.) મારા વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે અને તા. **૦૧/૦૫/૨૦૧૮** ની સ્થિતિએ અમારી મંજુરી મેળવી અધતન કરવામાં આવેલ છે.

તા.૦૩/૦૮/૨૦૧૮
મુખ્ય મથક : નવસારી

<u>એનેક્ષર-બી (B)</u>

(સામાન્ય વહીવટ વિભાગના તા,૦૧.૦૫.૨૦૦૯ ના પરિપત્ર ક્રમાંજ: પીએડી-૧૦-૨૦૦૭-૩૩૫૩૬૪-આરટીઆઇસેલનું બિડાણ)

## <u>પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે માનનીય સાહેબશ્રી, વડી કચેરી ( પ્રોપર) તથા માનનીય સાહેબશ્રી, વહિવટી કાર્યક્ષેત્ર નાં આ સાથેની યાદી મુજબનાં જાહેર સત્તામંડળો દ્વારા માહિતી અધિકાર અધિનિયમની કલમ-૪ અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો " પ્રોએકટીવ ડીસ્કલોઝર " (P.A.D.) તૈયાર કરવામા આવી છે. અને તા. ૧/૫/૨૦૧૮ ની સ્થિતિએ તે ઈ/ચા. **સહ સંશોધન વૈજ્ઞાનિક(કૃષિ વન) શ્રી, પ્રાદેશિક કપાસ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, મકતમપુર, ભરુચ** દ્વારા અદ્યતન કરવામાં આવેલ છે. જેનું અમારા દ્વારા માહે : મે / જુન ૨૦૧૮ (વર્ષ) દરમ્યાન ઈન્સપેકશન –કમ – ઓડિટ કરવામાં આવ્યુ છે અને જે બાબતે ક્ષતિ જણાઈ હતી અગર અપુરતી વિગતો જણાઈ હતી તેની પુર્તતા કરવામાં આવી છે.

(૨) તા. ૩૦/૬/૨૦૧૮ (વર્ષ) ની સ્થિતિએ હવે કોઈ જાહેર સત્તામંડળનાં ( પ્રોએક્ટીવ ડીસ્કલોઝર ) ઈન્સપેકશન –કમ – ઓડિટ બાકી રહેલ નથી.

તારીખ :૧૨.૦૬.૨૦૧૮
મુખ્ય મથક: નવસારી

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ,
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી.